અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ માર્ચ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૫ | અંક : ૨૫૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**લોકસભામાં પીએમ મોદીએ મહાકુંભના આયોજન પર વાત કરી | મહાકુંભ માત્ર એક ધાર્મિક ઘટના નથી, પરંતુ ભારતના વિશાળ સ્વરૂપ અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક છે**

## વિશ્વએ મહાકુંભના રૂપમાં ભારતનું મહાન સ્વરૂપ જોયું : વડાપ્રધાન મોદી

| (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ |

આજે મંગળવારે લોકસભામાં પીએમ મોદીએ મહાકુંભના આયોજન પર વાત કરી હતી. આ સમય દરમિયાન તેમણે આ કાર્યક્રમમાં યોગદાન આપનારાઓનો આભાર માન્યો હતો. ચાલો જાણીએ કે, પીએમએ મહાકુંભ અંગે સંસદમાં શું કહ્યું...

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહાકુંભ અંગે લોકસભામાં સંબોધન કર્યું હતું. પીએમ મોદીએ પ્રયાગરાજમાં તાજેતરમાં પૂર્ણ થયેલા મહાકુંભને દેશની અપાર ચેતનાના દ્રષ્ટિકોણ તરીકે વર્ણવ્યું હતું. તેમણે કહ્યું કે, મહાકુંભ એ દરેકના પ્રયત્નોનું જીવંત મૂર્ત સ્વરૂપ છે. લોકસભાને સંબોધિત કરતી વખતે, પીએમ મોદીએ ઉત્તર પ્રદેશ સરકાર અને તમામ કર્મયોગીઓને મહાકુંભની ભવ્ય સફળતા બદલ અભિનંદન આપ્યા અને કહ્યું કે, મહાકુંભ માત્ર એક ધાર્મિક ઘટના નથી, પરંતુ ભારતના વિશાળ સ્વરૂપ અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેમણે મોરેશિયસના ગંગા તળાવમાં પ્રયાગરાજ ત્રિવેણીથી લીધેલું પવિત્ર ગંગા જળ અર્પણ કર્યું હતું. તેમણે કહ્યું કે, મહાકુંભની ભાવના અને ભારતીય સંસ્કૃતિની દિવ્યતા મોરેશિયસમાં પણ પ્રતિબિંબિત થાય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'મેં ત્રિવેણી સંગમમાંથી પવિત્ર ગંગા જળ લીધું હતું અને જ્યારે મેં તેને મોરેશિયસના ગંગા તળાવમાં અર્પણ કર્યું, ત્યારે ત્યાં શ્રદ્ધા, ભક્તિ અને ઉજવણીનું વાતાવરણ અવિસ્મરણીય હતું.' મહાકુંભની એકતા પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, 'મહાકુંભમાંથી એકતાનું અમૃત નીકળ્યું છે, જે આપણા સાંસ્કૃતિક વારસાને



વધુ મજબૂત બનાવે છે.' પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'મહાકુંભમાં આપણને ભારતની વિશાળ સંસ્કૃતિ અને તેની શક્તિ જોવા મળે છે. આ કાર્યક્રમ આપણી ક્ષમતાઓ પર પ્રશ્ન ઉઠાવનારાઓને યોગ્ય જવાબ આપે છે. મહાકુંભની સફળતામાં યોગદાન આપનારા તમામ લોકોની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, 'આ કાર્યક્રમે સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની એકતા, અખંડિતતા અને સાંસ્કૃતિક ગૌરવ રજૂ કર્યું છે.' કોંગ્રેસના સાંસદ સોનિયા ગાંધીએ વર્તમાન ભાજપ સરકાર પર મનરેગા ને 'વ્યવસ્થિત રીતે નબળું પાડવા'નો આરોપ લગાવ્યો અને તેને 'ગંભીર ચિંતાનો વિષય' ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'મનરેગા માટે બજેટ ફાળવણી ૮૬,૦૦૦ કરોડ પર સ્થિર છે, જે GDP ના ટકાવારીની દ્રષ્ટિએ ૧૦ વર્ષમાં સૌથી ઓછી છે. ફુગાવાને સમાયોજિત કર્યા પછી, અસરકારક બજેટમાં ૪,૦૦૦ કરોડનો ઘટાડો થયો છે. વધુમાં, એવો અંદાજ છે કે, ફાળવેલ રકમના લગભગ ૨૦% ભાગ પાછલા વર્ષોના બાકી લેણાં ચૂકવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. સોનિયા ગાંધીએ કહ્યું કે, આ યોજના અનેક પડકારોનો સામનો કરી રહી છે,

જેમાં આધાર-આધારિત ચુકવણી સિસ્ટમ અને રાષ્ટ્રીય મોબાઈલ મોનિટરિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે. તેમણે માંગ કરી હતી કે, મનરેગાને સરળતાથી ચલાવવા અને વિસ્તૃત કરવા માટે પૂરતી નાણાકીય જોગવાઈઓ કરવામાં આવે, લઘુત્તમ વેતન વધારીને ૪૦૦ પ્રતિ દિવસ કરવામાં આવે, વેતન સમયસર ચૂકવવામાં આવે, ABPS અને NMMS ફરજિયાત બનાવવાની શરત નાબૂદ કરવામાં આવે અને દર વર્ષે ૧૦૦ ને બદલે ૧૫૦ દિવસની રોજગારની ખાતરી આપવામાં આવે. તેમણે કહ્યું કે, આ પગલાં જરૂરી છે, જેથી મનરેગા સન્માનજનક રોજગાર અને નાણાકીય સુરક્ષા પૂરી પાડી શકે.

### પૃથ્વી પર આવ્યા પછી સુનિતા વિલિયમ્સને ભારત આવવા આમંત્રણ



| નવીદિલ્હી, તા.૧૮ |

આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશનમાં અટવાયેલા ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ મંગળવારે સાંજે ધરતી પર પરત ફરવાના છે. વિલિયમ્સ, વિલમોર અવકાશ સ્ટેશન પર લાંબા સમય સુધી રહ્યા બાદ પરત ફરી રહ્યા છે. સુનિતા વિલિયમ્સ અને ટીમ પરત ફરવાનું સાંભળતા જ વિશ્વભરના લોકો ખુશી વ્યક્ત કરી રહ્યા છે, ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુનિતા વિલિયમ્સના નામે પહેલી માર્ચે ભાવુક પત્ર લખી દેશના ૧.૪ અબજ લોકોની ભાવનાઓને વ્યક્ત કરી છે. વાસ્તવમાં ભારતના કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘના ટ્વિટર હેન્ડલ પર એક પત્ર શેર કરવામાં આવ્યો છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તાક્ષર સાથે એક પત્ર છે. વડાપ્રધાન દ્વારા લખાયેલા પત્રમાં લખાયું છે કે, 'ભલે તમે અમારાથી હજારો મીલ દૂર હોવ, પરંતુ તમે અમારા દિલની નજીક છો. તમે ભારતની આન, બાન અને શાન છો. તમારી સિદ્ધિઓ તમામ ભારતીયો માટે પ્રેરણા સ્રોત છે.

**મુખ્યમંત્રીએ શાંતિ જાળવી રાખવા કરી અપીલ | હિન્દુ સંગઠનો કબરને હટાવવાની માંગ કરી રહ્યા છે**

## ભયંકર હિંસા બાદ નાગપુરના વિવિધ વિસ્તારોમાં કર્ફ્યૂ

### મહારાષ્ટ્રમાં ઔરંગઝેબની કબર હટાવવા મુદ્દે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

મહારાષ્ટ્રના નાગપુરમાં ૧૭મી માર્ચે રાત્રિના સમયે ભયંકર હિંસા બાદ અનેક ગાડીઓમાં આગચંપી કરવામાં આવી હતી. બેકાબૂ ટોળાંએ અનેક દુકાનો પણ તોડફોડ કરી અને પથ્થરમારો કર્યો. પહેલા નાગપુરના મહાલ વિસ્તારમાં બે જૂથ વચ્ચે અથડામણ થઈ અને બાદમાં હિંસાની આગ હંસપુરી વિસ્તારમાં પણ પહોંચી. અજ્ઞાત ભીડના આતંક બાદ શહેરમાં તણાવ વધી ગયો છે. નાગપુરના અનેક વિસ્તારોમાં કર્ફ્યૂ લગાવવાના આદેશ આપવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં ઔરંગઝેબની કબર હટાવવા મુદ્દે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. હિન્દુ સંગઠનો કબરને હટાવવાની માંગ કરી રહ્યા છે. એવામાં ગઈકાલે બજરંગ દળ દ્વારા ઔરંગઝેબનું પૂતળું સળગાવાયું. જોકે બાદ ધર્મગ્રંથ સળગાવવાની અફવા બાદ



હિંસા ફાટી નીકળી હતી. હિંસામાં અનેક પોલીસ જવાનો ઘાયલ પણ થયા છે. સોમવારે સાંજે ગણેશપેઠ વિસ્તારમાં પવિત્ર ગ્રંથ સળગાવવાના આરોપ સાથે એક ફરિયાદ પણ નોંધાવાઈ. જે બાદ વિવિધ વિસ્તારોમાં ધીમે ધીમે ભીડ એકત્ર થવા લાગી અને હિંસાની શરૂઆત થઈ. નાગપુરના ઓલ્ડ ભંડારા રોડ પાસે હંસપુરી વિસ્તારમાં રાત્રિના ૧૦.૩૦થી ૧૧.૩૦ની વચ્ચે અનિયંત્રિત ભીડે અનેક વાહનોને આગના હવાલે કર્યા. અનેક ઘરો તથા ક્લિનિકમાં પણ તોડફોડ કરવામાં આવી. પોલીસે મહાલ વિસ્તારમાં થયેલી હિંસામાં તાત્કાલિક તપાસ હાથ ધરીને ૧૫ લોકોની અટકાયત કરી છે. ભીડને ભગાવવા માટે પોલીસે અહીં લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે લોકોને શાંતિ બનાવી રાખવા અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે, 'નાગપુર એક શાંતિપૂર્ણ શહેર છે તથા આ શહેર હળીમળીને રહેવા માટે જાણીતું છે. કોઈ પણ પ્રકારની અફવા પર ધ્યાન ન આપ શો. અમે સતત પોલીસના સંપર્કમાં છીએ અને તમે પણ તંત્રનો સહયોગ કરો.' પોલીસે મહાલ વિસ્તારમાં થયેલી હિંસામાં તાત્કાલિક તપાસ હાથ ધરીને ૧૫ લોકોની અટકાયત કરી છે. ભીડને ભગાવવા માટે પોલીસે અહીં લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે લોકોને શાંતિ બનાવી રાખવા અપીલ કરી છે.

**નાગપુર હિંસા મુદ્દે પક્ષ-વિપક્ષ સામસામે**

### ભાજપ મહારાષ્ટ્રને બીજું મણિપુર બનાવવા માગે છે

મહારાષ્ટ્રના નાગપુરમાં ગઈકાલે ભડકી ઉઠેલી હિંસામાં અત્યારસુધી ૫૦ લોકોની ધરપકડ થઈ છે. ૧૦૦થી વધુ લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાને પૂર્વ આયોજિત ગણાવી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ પ્લાનિંગ હેઠળ આ હિંસાને અંજામ આપ્યો હોવાનું જણાવ્યું છે. તેમજ આ ષડયંત્રમાં સામેલ તમામ લોકો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવાનો આદેશ આપ્યો છે. બીજી તરફ નાગપુર હિંસા મામલે વિપક્ષ નેતાઓએ સરકારને દોષિત ઠેરવી છે. તેમણે ભાજપ પર મહારાષ્ટ્રને બીજું મણિપુર બનાવવા માગતા હોવાનો આરોપ પણ મૂક્યો છે. નાગપુર હિંસા પર શિવસેના યુબીટી નેતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું કે, મારે જાણવું છે કે, જ્યારે અફવાઓ ફેલાઈ રહી હતી ત્યારે, મુખ્યમંત્રી કાર્યાલય તરફથી કોઈ પ્રતિક્રિયા કેમ ન આપવામાં આવી. મુખ્યમંત્રીના શહેરમાં જ આ પ્રકારની ઘટના કેવી રીતે બની શકે. આ પ્રકારની કોઈપણ ઘટના બને તો પહેલો મેસેજ ઝર્સ, ગૃહ વિભાગને મળે છે. આ બંને વિભાગ મુખ્યમંત્રી પાસે છે. તો તેમને કેમ આ ઘટના અંગે ખબર ન પડી. મારો અંદાજ છે કે, ભાજપ મહારાષ્ટ્રને મણિપુર બનાવવા માગે છે નાગપુર હિંસા પર શિવસેના નેતા સંજય રાઉતે ભાજપ પર મોટો આરોપ મૂક્યો હતો કે, નાગપુરમાં હિંસા પાછળ કોઈ કારણ જ નથી. અહીં જ આરએસએસનું હેડક્વાર્ટર છે.

**ભારત-ચીનના સંબંધો અંગનું નિવેદન**

### સરહદ પર શાંતિ વિના બંને દેશોના સંબંધો સામાન્ય ન રહી શકે : એસ.જયશંકર

| (એજન્સી) નવીદિલ્હી, તા.૩ |

ભારત અને ચીન વચ્ચે વર્તમાન સમયમાં સંબંધો કેવા છે, બંને દેશોની સરહદ પર સ્થિતિ છું ? તે અંગે વિદેશમંત્રી એસ.જયશંકરે લોકસભામાં તમામ જવાબ આપ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, 'બંને દેશો તરફથી પૂર્વ લદ્દાખના વિસ્તારોમાં સેના પાછી ખેંચવાની કામગીરી પુરી થઈ ગઈ છે. બંને દેશો સરહદ વિવાદ ઉકેલવા માટે દાયકાઓથી વાત કરી રહી છે. અમે પરસ્પર સહમતિથી વિવાદ ઉકેલવા માટે સંમત થયા છીએ. ચીને મે-જૂન ૨૦૨૦માં સરહદ પર અનેક સૈનિકો તહેનાત કર્યા હતા, જેના કારણે ભારતીય સેનાને પેટ્રોલિંગ કરવામાં સમસ્યા ઉભી થઈ હતી. ગલવાન ખીણમાં અથડામણ થયા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. પછી ભારતે પણ વળતો જવાબ આપી LCA પર મોટી સંખ્યામાં હથિયારો અને સૈનિકો તહેનાત કર્યા હતા.

તેમણે લોકસભામાં કહ્યું કે, એલએસી પર ડિસએન્ગેજમેન્ટની કામગીરી પુરી થઈ ગઈ છે. લદ્દાખ અને ડેમચોકમાં પણ કામગીરી પુરી કરી દેવાઈ છે. હવે અમે તણાવ ઘટાડવા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરી રહ્યા છીએ. નવી ટેકનોલોજીનો ઉપયોગ ઊંચાઈવાળા વિસ્તારોમાં કરવામાં આવશે.

**CM રેડ્ડીની મોટી જાહેરાત**

### તેલંગાણામાં શિક્ષણ-નોકરીમાં ઓબીસીને ૪૨ ટકા અનામત

| (એજન્સી) હૈદરાબાદ, તા.૧૮ |

તેલંગાણાની કોંગ્રેસ સરકારે ઓબીસી સમાજ માટે અનામત વધારવાની મોટી જાહેરાત કરી છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ કહ્યું છે કે રાજ્યમાં શિક્ષણ અને રોજગાર ઓબીસીને ૪૨ ટકા અનામત આપવામાં આવશે. તેલંગાણાના મુખ્યમંત્રી રેડ્ડીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાહેરાત કરતાં લખ્યું હતું, કે તેલંગાણામાં ઓબીસીની વસતિ ૫૬.૩૬ ટકા છે. તેથી અમે શિક્ષણ અને રોજગારમાં ૪૨ ટકા અનામત આપવાનો સંકલ્પ લઈએ છીએ. મને ગર્વ છે કે તેલંગાણા ભારતમાં સામાજિક ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યું છે. નોંધનીય છે કે અગાઉ પણ રેડ્ડીએ વિધાનસભામાં કહ્યું હતું, કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ૪૨ ટકા ઓબીસી અનામતનો વાયદો કર્યો હતો. સત્તા સંભાળ્યા બાદ અમારી સરકારે ઓબીસી વસતિ ગણતરી કરી. અગાઉની સરકારે ઓબીસી અનામત ૩૭ ટકા અનામત કરવાનો પ્રસ્તાવ રાજ્યપાલને પાઠવ્યો હતો.

**જાપાન પણ કરશે મદદ**

### ચંદ્રયાન-પને કેન્દ્રની મંજૂરીઃ ચંદ્ર પર ઉતરશે અઢીસો કિલોનું રોવર

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

ચંદ્રને એક્સપ્લોર કરવા માટે સરકારે ચંદ્રયાન-૫ માટે પરવાનગી આપી દીધી છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના ચેરમેન વી. નારાયણન દ્વારા આ અંગે જાહેરાત કરવામાં આવી છે. ચંદ્રયાન-૩માં પ્રયાગયાન નામનું રોવર મોકલવામાં આવ્યું હતું, જેનું વજન ૨૫ કિલોગ્રામ હતું. પરંતુ ચંદ્રયાન-૫માં હવે ૨૫૦ કિલોગ્રામનું રોવર મોકલવામાં આવશે. આ રોવર ચંદ્રની સપાટીનું ખૂબ જ ચીણવટ ભરેલું રિસર્ચ કરશે. વી. નારાયણને જણાવ્યું કે, 'ત્રણ દિવસ પહેલાં જ અમને ચંદ્રયાન-૫ માટે પરવાનગી મળી છે. અમે આ મિશન જાપાન સાથે મળીને કરીશું.' ચંદ્રયાન મિશન ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે. ભારતનું પહેલું ચંદ્રયાન-૧ ૨૦૦૮માં લોન્ચ કરવામાં આવ્યું હતું. તે સમયે ચંદ્રનું કેમિકલ, મિનરલોજિકલ અને ફોટો-જીયોલોજિકલ મેપિંગ કરવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૨ ૨૦૧૯માં લોન્ચ કરવામાં આવ્યું હતું. ફાઈનલ સ્ટેજમાં થોડી મુશ્કેલીઓ છતાં આ મિશનમાં ૯૮% સફળતા મળી હતી. ૨૦૨૩ની ૨૩મી ઓગસ્ટે ભારતે ચંદ્રયાન-૩ને ચંદ્રના સાઉથ પોલમાં ઉતાર્યું હતું. આ મિશન માટે ભારત માટે આ વિસ્તારના પ્રથમ રોવર સપાટી પર ઉતરવાનું ગૌરવ હતું.



### HCએ વસ્ત્રાલમાં આતંક મચાવનારા અરજદારનો લીધો ઉધડો

# ગેરકાયદે બાંધકામ તોડવા મુદ્દેની રિટ બદઈરાદાવાળી હશે તો દંડ થશે

## વસ્ત્રાલ વિસ્તારમાં જાહેરમાં ખુલ્લેઆમ ઘાતક હથિયારો સાથે ભય અને આંતક ફેલાવવાની ઘટના સભ્ય સમાજમાં સાંખી શકાય નહી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં ઘાતક હથિયારો સાથે જાહેરમાં આંતક અને ભયનો માહોલ ફેલાવવાના પ્રકરણમાં સંડોવાયેલા છ આરોપીઓની મિલકતના કથિત ગેરકાયદે બાંધકામને સત્તાવાળાઓ દ્વારા તોડી પાડી સપાટો બોલાવાયો છે, ત્યારે એક આરોપી તરફથી ગેરકાયદે બાંધકામને તોડી પાડવા સંદર્ભે અ.મ્યુ.કો દ્વારા અપાયેલી નોટિસને પડકારતી રિટ અરજી હાઈકોર્ટમાં દાખલ કરી હતી. જો કે, જસ્ટિસ મોના એમ.ભટ્ટે અરજદારપક્ષને કેટલાક વેધક સવાલ કર્યા હતા અને જો તેમની અરજી બદઈરાદાપૂર્વકની અને વાહિયાત સાબિત થશે તો દંડ ફટકારવાની ચીમકી ઉચ્ચારી હતી. કેસની વધુ સુનાવણી ૧૮ માર્ચ રાખી છે. બીજીબાજુ, રાજય સરકાર તરફથી આરોપીની અરજીનો જોરદાર વિરોધ કરતાં મુખ્ય સરકારી વકીલ ગુરશરણસિંહ વિર્કએ અદાલતનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે, ડીજીપીની સૂચના અને અ.મ્યુ.કોએ આરોપીને નોટિસ વચ્ચે કોઈ સંબંધ કે લેવાદેવા નથી. અરજદાર અદાલતને ગેરમાર્ગે દોરતી રજૂઆત કરી રાહત માંગી રહ્યા છે, જે ખોટી વાત છે. હકીકતમાં અરજદાર આરોપી વિરૂદ્ધ દસ જેટલા ગુનાઓ નોંધાયેલા છે અને તેનો ગુનાઈત ભૂતકાળ છે.નોંધનીય એ છે કે, વસ્ત્રાલ વિસ્તારમાં જાહેરમાં ખુલ્લેઆમ ઘાતક હથિયારો સાથે ભય અને આંતક ફેલાવવાની ઘટના સભ્ય સમાજમાં સાંખી શકાય નહી. છેલ્લાં ઘણા સમયથી જાહેરમાં આવી મારામારી, આતંક અને પબ્લિક ન્યુસન્સની ઘટનાઓ જોવા મળી રહી છે, ત્યારે પોલીસ અને તંત્ર માટે શહેર અને તેના નાગરિકોની સુરક્ષા અને સલામતી સૌથી વધુ મહત્ત્વની છે. વસ્ત્રાલની ઘટનાની ગંભીર નોંધ લઈ ખુદ રાજયના પોલીસ વડા(ડીજીપી) એ આવા અસામાજિક તત્ત્વો અને ગુંડાઓ વિરૂદ્ધ અસરકારક કાર્યવાહી કરવાના ઉમદા આશયથી રાજયના તમામ પોલીસ કમિશનરને ૧૦૦ કલાકમાં આવા ગુનેગારોની યાદી તૈયાર કરવા સૂચના જારી કરી છે, જે નાગરિકોની સુરક્ષાનો અને જાહેરહિતનો નિર્ણય છે. વસ્ત્રાલમાં આંતક ફેલાવવાના પ્રકરણમાં પકડાયેલા આરોપીના પિતા અને દાદા તરફથી કરાયેલી અરજીમાં એવો આક્ષેપ કરાયો હતો કે, ડિમોલીશન મુદ્દે સુપ્રીમકોર્ટે તાજેતરમાં જ આપેલા ચુકાદા મુજબ, સત્તાવાળાઓએ પંદર દિવસની નોટિસ આપવી પડે પરંતુ અરજદારના કિસ્સામાં તેમને બે દિવસની જ નોટિસ અપાઈ છે. જયારે છ આરોપીઓના બાંધકામ તો પહેલા જ તોડી પાડવામાં આવ્યા છે. જેથી મુખ્ય સરકારી વકીલે આ આરોપનું ખંડન કરતાં જણાવ્યું કે, અ.મ્યુ.કોએ અરજદારને બે દિવસનો સમય નોટિસનો જવાબ આપવા માટે આપ્યો છે, અરજદાર ખોટી રીતે રજૂઆત કરી રહ્યા છે.

### દેશભરમાં લાખો લોકો રેલવે દ્વારા મુસાફરી કરે છે

# કાલુપુર સ્ટેશન પર આવતી-જતી બે ટ્રેન એક મહિના સુધી રદ

## ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ ટ્રેન તેમજ અમદાવાદ-દરભંગા સ્પેશિયલ ટ્રેનને આગામી ૨૧ માર્ચથી ૨૮ એપ્રિલ સુધી રદ્દ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

દેશભરમાં લાખો લોકો રેલવે દ્વારા મુસાફરી કરે છે. એવામાં રેલવે મુસાફરો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ઉત્તર રેલ્વે લખનઉ ડિવિઝનના કાનપુર સેન્ટ્રલ- લખનઉ- એશબાગ સેક્શનમાં એન્જિનિયરિંગ કાર્ય માટે ટ્રાફિક અને પાવર બ્લોકને કારણે રેલવે વિભાગ દ્વારા ૨ ટ્રેનને એક મહિના સુધી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પાવર બ્લોકને કારણે અમદાવાદ ડિવિઝનની કેટલીક ટ્રેનો તેમાં પ્રભાવિત થશે. જેમાં ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ ટ્રેન તેમજ અમદાવાદ-દરભંગા સ્પેશિયલ ટ્રેનને આગામી ૨૧ માર્ચથી ૨૮ એપ્રિલ સુધી રદ કરવામાં આવી છે. આ સિવાય ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન, મુઝફ્ફરપુર- સાબરમતી જનસાધારણ એક્સપ્રેસ ટ્રેન અને ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ટ્રેનને લખનૌ-કાનપુરના માર્ગ પરથી ડાયવર્ટ કરાઈ છે. અમદાવાદ ડિવિઝનના પાલનપુર-ઉમરદશી સ્ટેશનની વચ્ચેના બ્રિજના પુનઃનિર્માણના કાર્યને લઈ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ તેમજ ગાંધીનગર કેપિટલ-જમ્મુ તવી એક્સપ્રેસ ટ્રેનને ૧૮ માર્ચના રોજ ઊંઝા-સિદ્ધપુરના બદલે પાટણ-ભિલડીના માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવી હોવાનું રેલવે વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### સરકારે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના બજેટમાં કર્યો વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત સરકાર દ્વારા વિધવા મહિલાઓને લઈને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'વીમેન લેડ ડેવલપમેન્ટ' એટલે કે મહિલાઓના નેતૃત્વમાં વિકાસનો મંત્ર આપ્યો છે અને દેશની મહિલાઓને આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂક્યો છે. ગુજરાતમાં મહિલાઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વિવિધ મહિલાલક્ષી યોજનાઓનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આવી જ એક મહત્વપૂર્ણ યોજના છે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના.

### 'મમ્મી મને માફ કરજે મારાથી ભૂલથી મોબાઇલ પડી ગયો'

। (એજન્સી) અંબાજી, તા.૧૮ ।

સુરતના કતારગામમાં રહેતા દંપતીની ૧૨ વર્ષની દીકરીથી મોબાઈલ ભૂલથી પાણી ભરેલી ડોલમાં પડી જતા ડરી જઈને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બાળકીએ સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે, 'મમ્મી મને માફ કરી દેજો, મારાથી ભૂલથી મોબાઈલ ફોન પડી ગયો હતો.' મળતી માહિતી અનુસાર, કતારગામ રોડ પર જય રણછોડ એપાર્ટમેન્ટમાં રહેતી ૧૨ વર્ષીય જૈનીસા કપિલ ધુધલ રવિવારે સાંજે તેની માતા કામ અર્થે બહાર ગઈ હતી અને તેમના પિતા પણ ઘરે ન હતા. આ દરમિયાન તેણે એક રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાધો હતો. તેની નાની બહેનની નજર પડતા ગભરાઈ જઈને બુમો પાડતા પડોશી દોડી આવ્યા હતા.

### ગત બે માસમાં ૩૨૦૧ કાર્ડિયાક એરેસ્ટના કેસો નોંધાયા

# કાર્ડિયાક એરેસ્ટ કેસોમાં ૪૫ ટકા વધારો હીટવેવ-હોટ વેધરથી હૃદય પર વધુ ખતરો

## ઉનાળામાં અસામાન્ય ઉંચુ તાપમાન હોય કે હીટવેવ હોય ત્યારે શરીરનું તાપમાન જાળવી રાખવા હૃદયે વધુ લોહીનું પમ્પીંગ કરવું પડે છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતમાં અસામાન્ય ઉંચુ તાપમાન અને તે પણ શરૂઆતના તબક્કે જ રહ્યું છે અને આજે પણ સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે ત્યારે હીટવેવ અને વધુ ગરમ હવામાનથી હૃદય સંબંધી રોગો, ખાસ કરીને જીવલેણ નિવડતા કાર્ડિયાક એરેસ્ટનો ખતરો પણ વધતો હોય છે. રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સેવામાં નોંધાતા ફૂલ મૂજબ ઈ.સ. ૨૦૨૩ની સાપેક્ષે ઈ.સ. ૨૦૨૪ના વર્ષમાં કાર્ડિયાક એરેસ્ટના કેસોમાં ૪૫ ટકાનો તોતિંગ ચિંતાજનક વધારો નોંધાયો છે. ઉનાળામાં અસામાન્ય ઉંચુ તાપમાન હોય કે હીટવેવ હોય ત્યારે શરીરનું તાપમાન જાળવી રાખવા હૃદયે વધુ લોહીનું પમ્પીંગ કરવું પડે છે, જેથી તે ત્વચા પરથી ગરમીને મુક્ત કરી શકાય. આમ હૃદય પર બોજ વધે છે.

ઉપરાંત ઉનાળામાં ડિહાઈડ્રેશનની સમસ્યા સામાન્ય હોય છે જેનાથી હૃદય ઉપર તણાવ વધે છે, કારણ કે પાણી લોહીને નળીઓમાં પહોંચાડવા માટે જરૂરી હોય છે. આ અન્વયે ખાસ કરીને જેઓને પહેલેથી જ હૃદયસંબંધી કોઈ સમસ્યા છે તેને વધુ સચેત રહેવું પડે છે. જેમ શિયાળામાં તીવ્ર ઠંડી હોય ત્યારે પણ લોહીની નળી સંકોચાતા જોખમ વધતું હોય છે તેમ ઉનાળામાં પણ જોખમ વધે છે. આ ઉપરાંત ગુજરાતમાં યુવાનો સહિત લોકોમાં હૃદયસંબંધી કેસો અત્યંત ચિંતાજનક રીતે વધી રહ્યા છે.

ઈ.સ. ૨૦૨૩માં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી એક વર્ષમાં ૧૦,૫૧૭ માત્ર કાર્ડિયાક એરેસ્ટના કેસો નોંધાયા હતા જે ઈ.સ. ૨૦૨૪ના આ સમયમાં ૪૫.૪૫ ટકાના તોતિંગ વધારા સાથે ૧૪,૭૭૩ કેસો નોંધાયા હતા. આ સિલસિલો ઈ.સ. ૨૦૨૫ના વર્ષમાં જારી રહ્યો છે અને ગત બે માસમાં ૩૨૦૧ કાર્ડિયાક એરેસ્ટના કેસો નોંધાયા છે.

### ૧ કરોડની માંગી હતી ખંડણી । ઝડપાયેલા બંને આરોપીઓ અન્ય ગુનાઓમાં પણ સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે

# અમદાવાદમાં ફળના વેપારીને હનીટ્રેપમાં ફસાવનાર બે આરોપીઓ ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં એક વેપારીને હનીટ્રેપમાં ફસાવી ૧ કરોડ રૂપિયાની ખંડણી માંગી ૧.૨૦ લાખની લૂંટ ચલાવનાર બે આરોપીઓની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપીઓએ પોતાની પ્રેમિકાની મદદથી ફ્રૂટના વેપારીનું અપહરણ કરી ખંડણી માંગી હતી. ઝડપાયેલા બંને આરોપીઓ અન્ય ગુનાઓમાં પણ સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. હવે ક્રાઈમ બ્રાન્ચે હનીટ્રેપમાં વોન્ટેડ મહિલા આરોપીની શોધખોળ શરૂ કરી છે. અમદાવાદ પોલીસે ધરપકડ કરાયેલા આરોપીઓના નામ આસિફ દેસાઈ ઉર્ફે દાણીયો અને અલ્પેશ ઉર્ફે મુકેશ ડાભી છે. અપહરણ, ખંડણી અને લૂંટ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.. અમદાવાદના વસ્ત્રાપુરમાં ૨૬ ફેબ્રુઆરીના રોજ સરખેજના ફ્રુટના વેપારી વસીમભાઈ મોઘલને નોકરીના બહાને એક મહિલાએ સંપર્ક કરીને હની ટ્રેપમાં ફસાવ્યો હતો. ત્યારબાદ મિત્રતા કરીને ઘરે મૂકવા જવાના બહાને વેપારીની ગાડીમાં લિફ્ટ લીધી અને અવાવરું સ્થળે ઉલટીના બહાને કાર રોકવાનું કહીને પોતાના સાગરીતો સાથે વેપારીનું અપહરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વેપારીને મારમારીને ગાંધીનગરના ક્રાઈમ બ્રાન્ચના નામે રૂ ૧ કરોડની ખંડણી માંગી હતી. વેપારી પાસેથી ૧૨ હજાર રોકડ, ૬૦૦ દુબઈ કરન્સી, ઘડિયાળ, અને મોબાઈલ સહિત ૧.૨૦ લાખની લૂંટ ચલાવી હતી . જે મામલે ૧૦ માર્ચના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી . આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૨ આરોપીની ધરપકડ કરીને ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છેઅમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં સામે આવ્યું કે હનીટ્રેપમાં પકડાયેલા બંને આરોપી ઓના એક મિત્ર અબુ હનીટ્રેપ અને અપહરણનો માસ્ટર માઈન્ડ છે.. જે સરખેજનો રહેવાસી છે આ આરોપીએ ફ્રુટના વેપારી પાસે ખૂબ જ પૈસા છે. જેથી વેપારીને હનીટ્રેપમાં ફસાવીને પૈસા પડાવવાનું કાવતરું ઘડ્યું હતું. જેમાં પોતાના બે મિત્રો આસીફ દાણીયા અને અલ્પેશ ડાભી, અને સમીર ઉર્ફે ડીજેને મળીને હનીટ્રેપ માટે પ્લાન ઘડ્યો હતો. સમીરે તેની ગર્લફ્રેન્ડ કિટ્ટુને આ પ્લાનમાં સામેલ કરી તેનું નામ કાયનાત સૈયદ રાખ્યું હતું. આ મહિલા ને વેપારીને ફોન કરી નોકરીની માંગણી કરવાની અને મીઠી વાતો કરી તેને હનીટ્રેપમાં ફસાવવાનો ટાસ્ક સોંપવામાં આવ્યો હતો. યુવતી એ નોકરીના બહાને વેપારીનો સંપર્ક કર્યો. તેને મિત્રતા કરીને હનીટ્રેપમાં ફસાવ્યો હતો અને ત્યાર બાદ અન્ય આરોપીઓને ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ બનીને આવીને વેપારીને ધમકી આપીને ખંડણી માંગીને લૂંટ કરી હતી.

### ધોળકામાં ગૌચરની જમીનમાં માટી ખનન મુદ્દે ગ્રામ પંચાયતની કાયદાકીય કાર્યવાહીની માગ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદના ધોળકામાં ગૌચરની જમીનમાં માટી ખનન થતું હોવાનું સામે આવ્યું છે. ધોળકાના ગ્રામજનો દ્વારા કૌકાની ગૌચર જમીનમાં થતું ખનન રોકવા તંત્રને અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. છતાં તંત્ર દ્વારા ગૌચર જમીનમાં માટી ખનન રોકવાને લઈને કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ગ્રામજનોની માંગ છે કે માટી ખનન કરનારા સામે સરકાર કડક પગલાં લેવામાં આવે.ધોળકામાં આંબારેલી અને કૌકા વચ્ચેની ગૌચર જમીનમાંથી છેલ્લા ઘણા સમયથી બેફામપણે માટી ખનન થઈ રહ્યું છે. આંબારેલી ગામના અસમાજિક તત્વો જે જમીન હડપવના પ્રયાસ કરતા હોય છે તેમણે હવે ગૌચરની જમીન હ઼ડપવાનો કારસો રચ્યો છે. કોઠ રોડ પર ખાનગી કંપની દ્વારા ગૌચરની જમીનમાંથી મોટાપાયે ગેરકાયદેસર માટી ખનન કરાઈ રહ્યું છે. આ મુદ્દે કૌકા ગ્રામ પંચાયત દ્વારા તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ બેરોકટોક ટ્રેકટરોમાં માટીની હેરફેર થઈ રહી છે અને ગૌરક્ષા અને ગૌચર જમીનની રક્ષા કરવાની બાંગ પોકારતા તંત્રના પેટનું પાણી પણ હલતું નથી.

### ઉનાળાની શરૂઆત સાથે જ ભુજમાં પીવાના પાણીની સમસ્યા સર્જાઇ

। (એજન્સી) ભુજ, તા.૧૮ ।

ઉનાળાની શરૂઆત સાથે જ ભુજમાં પીવાના પાણીની સમસ્યા સર્જાય છે. શહેરના ઓધવ રેસિડેન્સી વિસ્તારમાં પાણીની સમસ્યા લઈને આજે સ્થાનિક લોકો પાલિકામાં રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. આ વિસ્તાર ૩-૪ દિવસે પાણી મળી રહ્યું છે, જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.આ વિસ્તારના લોકોને પૂરતું પાણી નહીં મળતા પાણીના ટેક્કર ખરીદવા માટેની ફરજ પડી રહી છે. આજે ઓધવ રેસિડેન્સી વિસ્તારના લોકોએ પાલિકા પ્રમુખને આવેદન પત્ર પાઠવી પાણીની સમસ્યા અંગે રજૂઆત કરી હતી. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પાણી સમસ્યા છે, જેના કારણે લોકો હાલાકી ભોગવી રહ્યા છે. આ વિસ્તારના લોકોની રજૂઆત બાદ પાલિકા પ્રમુખે પાણીની સમસ્યા અંગે ખાતરી આપી છે. આગામી દિવસોમાં નિયમિત લોકોને પીવાનું પાણી મળે તેવી વ્યવસ્થા ઊભી કરવાની હૈયા ધારણા આપી છે. જો કે હજુ તો ઉનાળાની શરૂઆત થઈ તેની સાથે જ પીવાના પાણીની સમસ્યા સર્જાતાં આગામી દિવસોમાં પાણીની સમસ્યા વિકટ બને તેવું લાગી રહ્યું છે.

## વિશેષ

# કેબીનેટ મંત્રી કુબેરજી ડિંડોર અને રાજ્યમંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે ગેર મેળામાં લોકવાદ્યોનો આનંદ લીધો

## આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવા અને જાળવવા યુવાનોને આગળ આવવા આહ્વાન કરતા : કેબીનેટ મંત્રીશ્રી કુબેરજી ડિંડોર







। (માહિતી બ્યુરો) છોટાઉદેપુર ।

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે વિશ્વ વિખ્યાત ગેરમેળો ૨૦૨૫ આજે રવિવારે યોજાઈ ગયો.આ મેળામાં આદિજાતિ વિકાસ,પ્રાથમિક- માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ કેબીનેટ મંત્રીશ્રી કુબેરજી ડિંડોર, અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર, છોટાઉદેપુર સાંસદશ્રી જશુભાઈ રાઠવા, ધારાસભ્ય સવેશ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, અભેસિંહ તડવીએ ગેરમેળામાં પરંપરાગત સંગીતવાદ્યોનો આનંદ લીધો હતો. વર્તમાન સમયમાં અદિવાસી સંસ્કૃતિને જીવંત રાખવાની પહેલ છોટાઉદેપુર જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવી. કવાંટ ખાતે વર્ષોની પરંપરા મુજબ હોળીના ત્રીજા દિવસે ગેરનો મેળો યોજાયો હતો.ગેરમેળાનું મુખ્ય આકર્ષણ ઘેરૈયાઓની વિવિધ ૨૫ જેટલી ટુકડીઓ હતી. આદિકાળની પરંપરા, વસ્ત્ર પરિધાન અને સંસ્કૃતિની ઝલક આ આદિવાસી યુવાનોની ટુકડીઓ દ્વારા ઉજાગર થઈ. સમગ્ર શરીર પર સફેદ ટપકાં, કમરે મોટા ઘૂઘરાં અને માથે મોરપીંછ ધારણ કરી પરંપરાગત લોકવાદ્યોના નાદ પર લયબદ્ધ નૃત્યુ કરી તેમણે સમગ્ર ગેરના મેળામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ગેર મેળાની સમગ્ર અદિવાસી બાંધવોને શુભકામના પાઠવતા આદિજાતિ વિકાસ,પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ કેબીનેટ મંત્રીશ્રી કુબેરજી ડિંડોરે જણાવ્યું હતુ કે, ગેર મેળો એ વર્ષો જૂની પરંપરા છે. ગામે ગામથી મંડળીઓ બનાવીને લોકવાદ્યો સાથે સ્થાનિકો આ મેળામાં આનંદ કરી રહ્યા છે અને આદિકાળની પરંપરાને જીવંત રાખી રહ્યા છે. આજે આ મેળો આદિવાસી સંસ્કૃતિ, રીતી રિવાજો અને લોકનૃત્યનો કુંભમેળો લાગી રહ્યો છે. આજના પ્રસંગે તેમણે આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવા અને જાળવવા યુવાનોને આગળ આવવા આહ્વાન કર્યું હતું. કવાંટ ખાતેના ગેર મેળામાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી પણ મોટી સંખ્યામાં આદિવાસી લોકો મેળો મહાલવા માટે આવ્યા હતા. મોટી સંખ્યામાં વિદેશી પર્યટકોએ આદિવાસી સંસ્કૃતિ, લોકનૃત્યને પોતાના કેમેરામાં કંડારી હતી. ગેર મેળામાં પરંપરાગત વાદ્યોના સૂર અને તાલ પર લાખોની સંખ્યામાં સ્થાનિકોએ સમુહમાં લોકનૃત્ય કર્યું હતું. ગેરમેળામાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબહેન પટેલ, આદિજાતિ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી જગદિશ પ્રસાદ ગુપ્તા, જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈન, વડોદરા કલેકટરશ્રી અનિલ ધામેલીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સચિન કુમાર, પ્રાયોજન વહીવટદારશ્રી કલ્પેશકુમાર શર્મા, પૂર્વ સાંસદ ગીતાબહેન રાઠવા સહિત પદાધિકારીશ્રી,અધિકારીશ્રી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## ઉદ્યોગપતિ જ્યોર્જ સાથે જોડાયેલા સંગઠન પર EDના દરોડા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતમાં સરકાર વિરુદ્ધ જનમત ઉભો કરવા માટે ફંડિંગના આરોપોથી ઘેરાયેલા ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ સાથે જોડાયેલા સંગઠન પર EDએ દરોડા પાડ્યા છે. મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે ઓપન સોસાયટી ફાઉન્ડેશન સાથે જોડાયેલા લોકો પર દરોડા પાડ્યા હતા. આ સિવાય OSF સાથે સંબંધિત કેટલીક અન્ય કંપનીઓ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. આરોપ છે કે આ કંપનીઓએ જ્યોર્જ સોરોસના સંગઠન દ્વારા વિદેશી હૂંડિયામણની અનિયમિતતા કરી છે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, આ દરોડા એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના પૂર્વ કર્મચારીઓના ઘર પર પાડવામાં આવ્યા છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલને ડિસેમ્બર ૨૦૨૦માં ભારતમાં કામ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેમના બેંક ખાતાઓને પણ સરકારે જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.

## નેપાળમાં ૪.૩ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો



। (એજન્સી) નેપાળ, તા.૧૮ ।

ભારતનો પાડોશી દેશ ભૂકંપ થી હચમચી ગયો. રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્રે મંગળવારે સવારે ૬:૩૩ વાગ્યે નેપાળમાં ૪.૩ ની તીવ્રતાનો ભૂકંપ નોંધ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ કાઠમંડુથી લગભગ ૪૫૦ કિલોમીટર પશ્ચિમમાં અછામ જિલ્લાના બટુલાસન વિસ્તારમાં હતું. ભૂકંપ દરમિયાન કોઈ મોટા નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી. આ પહેલા ૮ માર્ચે નેપાળમાં એક જ દિવસે ત્રણ સ્થળોએ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે, કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી. નેપાળના રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર અનુસાર, સ્થાનિક સમય મુજબ બપોરે ૨.૩૫ વાગ્યે ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ પૂર્વી નેપાળના તાપલેજંગ જિલ્લાથી લગભગ ૧૪૦ કિમી ઉત્તરમાં તિબેટના ડિંગે કાઉન્ટીમાં હતું. કાઠમંડુ અને પૂર્વી નેપાળના કેટલાક અન્ય જિલ્લાઓમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પશ્ચિમ નેપાળના બાગલંગ અને મ્યાગ્ડી જિલ્લામાં અનુક્રમે બે ભૂકંપ ના આંચકા અનુભવાયા. કાઠમંડુથી લગભગ ૩૦૦ કિમી દૂર બાગલંગ જિલ્લામાં સવારે ૬:૨૦ વાગ્યે ભૂકંપ આવ્યો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૧ હતી અને તેનું કેન્દ્રબિંદુ જિલ્લાના ખુખાણી વિસ્તાર હતું.

### CAGની નિમણૂક પ્રક્રિયા

# ગેરબંધારણીય ઠરાવવા મુદ્દે સુપ્રીમે કેન્દ્રનો જવાબ માગ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટ જનરલ ઓફ ઈન્ડિયા (CAG)ની નિમણૂક પ્રક્રિયાને ગેરબંધારણીય ઠરાવવાની દાદ માગતી અરજીમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો છે. CAGની નિમણૂક વડાપ્રધાન અને એક્ઝિક્યુટિવ કમિટી દ્વારા કરવામાં આવે છે. જો કે તેમાં બંધારણીય જોગવાઈઓનો ભંગ થયો હોવાનો દાવો અરજીમાં કરાયો હતો. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન સંસ્થાઓ પર ભરોસો રાખવાની ટકોર કરી હતી. જસ્ટિસ સૂર્યા કાંત અને એન કોટિશ્વર સિંઘની બેન્ચે ઠરાવ્યુ હતું કે, બંધારણની કલમ ૧૪૮માં CAGની નિમણૂકમાં



તટસ્થ નિમણૂકની જોગવાઈ છે. આખરે આપણે આપણી સંસ્થાઓ પર ભરોસો રાખવો જોઈએ. કલમ ૧૪૮માં CAGને સુપ્રીમ કોર્ટના જજ જેટલું જ રક્ષણ મળ્યું છે. અરજદાર એનજીઓ તરફથી એડવોકેટ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે, સંસ્થાની સ્વતંત્રતા સામે સવાલ ઊભો થયો છે. મહારાષ્ટ્ર જેવા ભાજપ શાસિત રાજ્યોમાં ઝછપ્ના ઓડિટ અટકાવી દેવાયા છે. લાંબા સમયથી CAGની નિમણૂક બહુધા સ્વતંત્ર હતી, પરંતુ રાજ્યો-કેન્દ્રની યોજના તથા જાહેર ક્ષેત્રના એકમોનું ઓડિટ કરતી આ સંસ્થાની સ્વતંત્રતા છેલ્લા કેટલાક સમયથી હણાઈ ગઈ છે.ભૂષણે દાવો કર્યો હતો કે, ૨૦૨૩ના વર્ષમાં માત્ર ૧૮ CAG રિપોર્ટ સંસદ સમક્ષ રજૂ થયા હતા, જ્યારે અગાઉના વર્ષોમાં ૪૦ રિપોર્ટ રજૂ થતા હતા. હવે કેન્દ્રમાં સત્તા ધરાવતા પક્ષનું જે રાજ્યોમાં શાસન હોય ત્યાં CAGને ઓડિટ માટે પણ મંજૂરી અપાતી નથી. મહારાષ્ટ્રના કિસ્સામાં ઓડિટની ટીમ તૈયાર હતી, પરંતુ ચૂંટણી પછી ઓડિટ કરવાના હુકમ થયા હતા.

### પશ્ચિમ બંગાળની એક શાળામાં શિક્ષકોએ અનોખો પ્રયાસ

# પશ્ચિમ બંગાળની શાળામાં લેટર બોક્સ લગાવવામાં આવ્યું

। (એજન્સી) પશ્ચિમ બંગાળ,તા.૧૮ ।

પશ્ચિમ બંગાળની એક શાળામાં શિક્ષકોએ અનોખો પ્રયાસ કર્યો, જેની અસર જોવા મળી. વાસ્તવમાં, શિક્ષકોના પ્રયત્નોને કારણે, બાળકોએ તેમની સમસ્યાઓ લખીને લેટરબોક્સમાં મૂકવાનું શરૂ કર્યું. બાળકોએ પત્રોમાં એવી વાતો લખી કે જે વાંચીને શિક્ષકો પણ ચોંકી ગયા. આ મામલો જલપાઈગુડીની ફણીન્દ્ર દેબ ઈન્સ્ટિટ્યૂટનો છે. માહિતી મુજબ શિક્ષકોએ જણાવ્યું કે આ લેટરબોક્સ પ્રિન્સિપાલ ઝહરુલ ઈસ્લામ અને શિક્ષક અરિંદમ ભટ્ટાચાર્યના સંયુક્ત પ્રયાસોને કારણે લગાવવામાં આવ્યું છે. તે શાળા સત્તાવાળાઓ દ્વારા માનસિક સ્વાસ્થ્ય પહેલ હેઠળ



ફેબ્રુઆરીના મધ્યમાં ફનીન્દ્ર દેબ સંસ્થા (પ્રાથમિક વિભાગ) ખાતે સ્થાપિત કરવામાં આવ્યું હતું. આ શાળામાં ૯૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. મુખ્ય શિક્ષક જહરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે હોળી પહેલા ૧૨ માર્ચે પ્રથમ વખત લેટરબોક્સ ખોલવામાં આવ્યું હતું. તેમણે કહ્યું, "બંગાળીમાં લગભગ ૧૦૦ નોટો લખેલી હતી. આ નોટોમાં ઘણી અંગત સમસ્યાઓ સામે આવી હતી. અમે તેમની તમામ ચિંતાઓને ગોપનીય રીતે ઉકેલવાનો પ્રયાસ કરીશું." આશ્ચર્યની વાત એ હતી કે એક પણ પત્રમાં શાળા વિશે કોઈ ફરિયાદ નહોતી. શિક્ષકોને ડર હતો કે બાળકો શાળા, શિક્ષકો અથવા ખોરાક વિશે ફરિયાદ કરશે, પરંતુ બાળકો મુખ્યત્વે તેમની વ્યક્તિગત સમસ્યાઓ વિશે વાત કરે છે. એક શિક્ષકે કહ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ રમતગમત માટે વધુ સમય ઈચ્છે છે. એક પત્રમાં લખ્યું હતું, "હું ઊંઘી શકતો નથી અને મારી માતા તેના માટે મને ઠપકો આપે છે." અન્ય એક પત્રમાં, બાળકે પોતાનું દુઃખ વ્યક્ત કર્યું અને લખ્યું, "મારા પિતા આસામમાં કામ કરે છે અને તેમનો બધો સમય કામ કરવા માટે ફાળવે છે."



નવી દિલ્હીમાં ઇટાલીના તુરીનમાં આયોજિત સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર ગેમ્સમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતીય સ્પેશિયલ ઓલિમ્પિક્સના ખેલાડીઓને મળ્યા.

### મુખ્યમંત્રીની સરકારી કર્મીઓને અપીલ

## સેલેરી આપવાના જ ફાંફાં છે, ભથ્થું ના માંગશો



। (એજન્સી) તેલંગાણા, તા.૧૮ ।

તેલંગાણાના સીએમ એ રેવંત રેડ્ડીએ કહ્યું કે, અમારી સરકાર દેવાનો બોજ અને આર્થિક તંગીનો સામનો કરી રહી છે. કર્મચારીઓને પગાર ચૂકવવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ૪૦૦૦ કરોડ રૂપિયાની લોન (હેન્ડ લોન) લેવામાં આવી છે. આ સાથે જ તેમણે કર્મચારીઓને અપીલ કરી છે કે, હાલમાં સેલેરી આપવાના જ ફાંફા છે, તેથી તમે મોંઘવારી ભથ્થું ન માંગશો.સોમવારે ૧૭ માર્ચના રોજ રાજ્ય વિધાન પરિષદમાં એક સવાલનો જવાબ આપતા તેમણે કહ્યું કે, 'સરકાર કર્મચારીઓની છે. તેથી હું નાણાકીય પરિસ્થિતિ સંબંધિત તમામ હકીકતો અને આંકડાઓ તમારી સામે રજૂ કરીશ. જેથી પારદર્શિતા જળવાઈ રહે.' તેમણે આગળ કહ્યું કે, 'દર મહિનાની પહેલી તારીખે સેલેરી આપવી મુશ્કેલ બની જાય છે. હું અહીંથી મારા સરકારી કર્મચારીઓને અપીલ કરું છું કે, તમે દર મહિનાની પહેલી તારીખે પોતાની સેલેરી લઈને સરકારની સેવા કરે. ક્યારેક-ક્યારેક અમારે રિઝર્વ બેંક પાસેથી લોન લેવી પડે છે. મેં ૪,૦૦૦ કરોડ રૂપિયાની 'હેન્ડ લોન' લઈને પહેલી તારીખે સેલેરી આપી છે.' CMએ આગળ કહ્યું કે, 'સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની માંગ સંપૂર્ણપણે વાજબી છે. પરંતુ હાલમાં તેમની સરકારને દર મહિનાની પહેલી તારીખે કર્મચારીઓને સેલેરી આપવાના પણ ફાંફાં પડી રહ્યા છે.' તેમણે વધુમાં કહ્યું કે, 'હું કર્માચારીઓને અપીલ કરું છું કે, તમે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હાલમાં મોંઘવારી ભથ્થું ન માંગશો. જ્યારે આપણે બીમાર પડીએ છીએ ત્યારે ભોજન પર કંટ્રોલ રાખીએ છીએ. એવી જ રીતે જ્યારે રાજ્યની નાણાકીય સ્થિતિ ખરાબ હોય છે ત્યારે કર્મચારીઓએ થોડા સમય માટે પોતાની માગ ટાળી દેવી જોઈએ.' આ દરમિયાન સીએમ રેવંત રેડ્ડીએ પૂર્વ મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ પર રાજ્યની નાણાકીય સ્થિતિ ખરાબ કરવાનો આરોપ પણ લગાવ્યો છે. બીજી તરફ ભારત રાષ્ટ્ર સમિતિ ના કાર્યકારી પ્રમુખ અને પૂર્વ મંત્રી કેટી રામા રાવે સીએમ રેવંત રેડ્ડી પર નિશાન સાધતા કહ્યું કે, 'મુખ્યમંત્રીએ પોતે સ્વીકાર્યું છે કે છેલ્લા એક વર્ષમાં રાજ્યને મળનારી આવકમાં ઘટાડો થયો છે. આ રાજ્ય સરકાર માટે મોટું અપમાન છે.' તમને જણાવી દઈએ કે, આ પહેલા ૧૨ માર્ચે એક કાર્યક્રમમાં સીએમ રેડ્ડીએ કહ્યું હતું કે, 'રાજ્યના મહેસૂલનો મોટો ભાગ દર મહિને પગાર, પેન્શન અને પાછલી બીઆરએસ સરકાર દરમિયાન લેવાયેલા મોટા દેવાની ચૂકવણીમાં ખર્ચ થઈ જાય છે.'

### ક્રિકેટ જગતમાંથી આઘાતજનક સમાચાર આવ્યા

# ઓસ્ટ્રેલિયન ક્રિકેટર જુનૈદ ઝફર ખાનનુ ક્રિકેટ મેચ દરમિયાન નિધન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ક્રિકેટ જગતમાંથી આઘાતજનક સમાચાર આવી રહ્યા છે. ક્રિકેટ મેચ દરમિયાન એક ક્રિકેટરનું નિધન થયું છે. આ ઘટના ઓસ્ટ્રેલિયાના એડિલેડમાં બની છે. દુનિયાને અલવિદા કહેનારા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર જુનૈદ ઝફર ખાનની ઉંમર ૪૦ વર્ષથી વધારે હતી. હકીકતમાં જુનૈદ એક ક્લબ લેવલનો ખેલાડી હતો. શનિવારે જ્યારે તે મેચ રમી રહ્યો હતો, ત્યારે ૪૧.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન હતું. આટલી આકરી ગરમીમાં જુનૈદે આશરે ૪૦ ઓવર ફીલ્ડિંગ કરી હતી. પરંતુ મેચ દરમિયાન સાંજે ૪ વાગ્યાની આસપાસ તેની તબિયત ખરાબ થઈ હતી, અને તે બેભાન થઈ મેદાનમાં જ ઢળી પડ્યો હતો. તે પછી તરત જ એમ્બ્યુલન્સ બોલવવામાં આવી હતી, પરંતુ તેને ન બચાવી શકાયો. જુનૈદ ઓલ્ડ કોનકોર્ડિયા ક્રિકેટ ક્લબ માટે મેચ રમી રહ્યો હતો. મેચમાં જુનૈદે આશરે ૭ ઓવર બેટિંગ પણ કરી હતી. આ દરમિયાન તે ૧૬ રન બનાવીને અણનમ રહ્યો હતો. માહિતી પ્રમાણે જુનૈદ રમજાન માસ દરમિયાન રોજા રાખી રહ્યો હતો. પરંતુ તેણે આખો દિવસ પાણી પણ પીધું ન હતું, કારણ કે ઈસ્લામના નિયમો પ્રમાણે કોઈ વ્યક્તિ



બીમાર અથવા અસ્વસ્થ મહેસુસ કરે તો તેને રોજા દરમિયાન પાણી પીવાની મંજૂરી હોય છે. જુનૈદની ક્રિકેટ ક્લબે દુખ વ્યક્ત કરતાં કહ્યું કે, અમે અમારા સ્ટાર મેમ્બરના નિધનથી ખૂબ દુખી છીએ. મેચ દરમિયાન અચાનક તેને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યા થઈ હતી. તેને બચાવવા માટે ડૉક્ટરોએ ખૂબ જ કોશિશ કરી, પંરતુ તેને ન બચાવી શક્યા. તેમના પરિવાર, મિત્રો અને ટીમના સાથીઓ સાથે અમારી સંવેદના છે.' એક રિપોર્ટ પ્રમાણે જુનૈદ ટેક સેક્ટરમાં કામ કરવા માટે ૨૦૧૩માં એડિલેડ આવ્યો હતો. તેને ક્રિકેટમાં ખૂબ જ લગાવ હતો અને ઓસ્ટ્રેલિયામાં સ્થાનિક ક્લબ માટે ક્રિકેટ રમતો હતો.

### ટ્રકને ૧૦૦ મીટર સુધી ખેંચવામાં આવી હતી

# યુપીમાં કન્ટેનર ટ્રક-માલગાડી વચ્ચે ભીષણ અથડામણ, ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ

। (એજન્સી) લખનૌ, તા.૧૮ ।

સોનુ ચૌધરી નામના ૨૮ વર્ષીય ડ્રાઈવરને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે દુર્ઘટનાને કારણે રેલ્વે વિભાગની કામગીરી ખોરવાઈ ગઈ હતી. ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં માલગાડી અને કન્ટેનર ટ્રક વચ્ચે અથડામણમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે. અહેવાલો અનુસાર, લખનૌ-વારાણસી (વાયા સુલ્તાનપુર) રેલ્વે વિભાગના રેલ્વે ફાટક પર એક કન્ટેનર ટ્રક અને માલગાડી વચ્ચે અથડામણ થઈ હતી. મંગળવારે અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ઘટનામાં ટ્રકનો ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ થયો હતો. સોનુ ચૌધરી નામના ૨૮ વર્ષીય ડ્રાઈવરને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે દુર્ઘટનાને કારણે રેલ્વે વિભાગની કામગીરી ખોરવાઈ ગઈ હતી. પોલીસે જણાવ્યું કે આ ઘટના સોમવારે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે જગદીશપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની જ્યારે રેલવે ફાટક ખુલ્લો હતો અને ગેટમેન પણ ત્યાં નહોતો. તેણે જણાવ્યું કે આ દરમિયાન



ફાટક ક્રોસ કરતી ટ્રક ટ્રેક પર ફસાઈ ગઈ અને માલગાડી કન્ટેનર સાથે અથડાઈ. પોલીસે જણાવ્યું કે માલગાડી અને કન્ટેનર વચ્ચેની ટક્કર એટલી ગંભીર હતી કે કન્ટેનર લગભગ ૧૦૦ મીટર સુધી ખેંચાઈ ગયું અને સંપૂર્ણ રીતે નાશ પામ્યું. અકસ્માતની માહિતી મળતા જ ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અહેવાલો અનુસાર, આ ઘટનામાં કન્ટેનર ડ્રાઈવર સોનુ ચૌધરી ગંભીર રીતે ઘાયલ થયો છે. પોલીસે જણાવ્યું કે ઘાયલ ડ્રાઈવર સોનુ ચૌધરીને પહેલા જગદીશપુરના સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેની ગંભીર સ્થિતિને જોતા તેને જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ દુર્ઘટનામાં રેલવે ટ્રેક અને પાવર લાઈનને પણ ભારે નુકસાન થયું છે. ટક્કર બાદ માલગાડી લાંબા સમય સુધી રોકાઈ ગઈ હતી અને રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો.

### સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાતચીત કરતા આક્ષેપ

# વડાપ્રધાન કુંભમાં મૃત્યુ પામનારાઓ અંગે કંઈપણ ન બોલ્યા : રાહુલ ગાંધી

## વડાપ્રધાને બેરોજગારી મુદ્દે બોલવું હતું, પરંતુ તેઓ કંઈપણ ન બોલ્યા, મોદીએ કુંભમાં મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલિ અર્પવી જોઈતી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાકુંભના ભવ્ય આયોજન મુદ્દે આજે સંસદમાં ભાષણ આપ્યું હતું. તેમણે મહાકુંભની સફળતા પર ખુશી વ્યક્ત કરી કહ્યું હતું કે, 'આપણે બધા જાણીએ છીએ કે, ગંગાને ધરતી પર લાવવા માટે એક ભગીરથ પ્રયાસ થયો હતો, તેવી જ રીતે મહાકુંભના મહાપ્રયાસમાં પણ જોવા મળ્યું.' બીજીતરફ વડાપ્રધાનનું ભાષણ સમાપ્ત થતા જ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ તેમના પર નિશાન સાધ્યું



હતું. કોંગ્રેસ પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે, 'વડાપ્રધાન સંસદમાં ભાષણ આપવાના હતા, તેની અમને સમયસર માહિતી અપાઈ નથી.' કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી એ સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાતચીત કરતા આક્ષેપ કર્યો કે, 'સમગ્ર મુદ્દે વિપક્ષને બોલવા દેવાયા નથી. વડાપ્રધાને બેરોજગારી મુદ્દે બોલવું હતું, પરંતુ તેઓ કંઈપણ ન બોલ્યા. વડાપ્રધાન મોદીએ કુંભમાં મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલિ અર્પવી જોઈતી હતી, પરંતુ તેમણે આવું ન કર્યું. કુંભ આપણી પરંપરા છે, ઈતિહાસ છે, સંસ્કૃતિ છે, જોકે અમારી ફરિયાદ છે કે, વડાપ્રધાન કુંભમાં મૃત્યુ પામનારાઓ અંગે કંઈપણ ન બોલ્યા. તેમણે મૃતકોને શ્રદ્ધાંજલી પણ ન અર્પી. કુંભમાં જનારા યુવાઓને વડાપ્રધાન પાસેથી રોજગારી જોઈએ.

## મહિલાની મંજૂરી વિના સરકારી જાહેરાતમાં તેના ફોટાનો ઉપયોગ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

બોમ્બે હાઈકોર્ટે એક મહિલાની તસવીરને તેની મંજૂરી વિના સરકારી જાહેરાતોમાં વ્યાવસાયિક શોષણ અને ગેરકાયદેસર ઉપયોગ કરવાની ટીકા કરી છે. nOices to center 4 states for illegal use of woman pic કોર્ટે આ મામલામાં કેન્દ્ર અને ચાર રાજ્ય સરકારોને નોટિસ ફટકારી છે. નમ્રતા અંકુશ કાવલે નામની મહિલાએ તેના વિરુદ્ધમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં તેમણે કહ્યું હતું કે, એક પરિચિત ફોટોગ્રાફરે તેમની તસવીર ખેંચી અને તેમની મરજી અને સહમતિ વિના જાણકારી શટરસ્ટોક ડોટ કોમ વેબસાઈટ પર અપલોડ કરી દીધી.

# રાયપુરમાં ITBPના કોન્સ્ટેબલે ૧૮ ગોળી મારતાં ASIનું મોત

। (એજન્સી) રાયપુર,તા.૧૮ ।

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં સોમવારે આઈટીબીપીની ૩૮મી બટાલિયનના કેમ્પમાં કોન્સ્ટેબલે પોતાની ઈન્સાસ રાયફલથી એએસઆઈ પર ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામાં એએસઆઈનું ઘટનાસ્થળે મોત થયું છે. પ્રાથમિક માહિતી મુજબ આઈટીબીપી (ઈન્ડો-તિબ્બેટ બોર્ડર પોલીસ)ના કેમ્પ માં સોમવારે બિહારના રહેવાસી કોન્સ્ટેબલ સરોજ કુમારે હરિયાણાના વતની એએસઆઈ દેવેન્દ્રસિંહને ગોળી મારી દીધી. આ ઘટના પછી પોલીસે આરોપી કોન્સ્ટેબલની ઘટનાસ્થલ પરથી ધરપકડ કરી છે. ઘટનાની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ પણ ત્વરિત પહોંચી ગયા હતા.

# ટ્રમ્પના ખર્ચ ઘટાડાના આદેશથી સરકારી કર્મચારીઓ પરેશાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખ બન્યા પછી અમેરિકામાં સૌથી વધારે કોઈ પરેશાન છે તો તે છે સરકારી કર્મચારીઓ. એક બાજુ છટણી અને બીજી બાજુ ખર્ચમાં ઘટાડાને કારણે સરકારી અને કરાર આધારિત કર્મચારીઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પના સહયોગી ઈલોન મસ્કે, ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિએન્સી (ડીઓજીઈ)નો કાર્યભાર સંભાળ્યા પછી મુશ્કેલી વધી ગઈ છે. અમેરિકાની સરકારે વર્ક ફ્રોમ હોમ છોડીને ઓફિસ આવવાનો આદેશ આપ્યો છે. ૨૦૨૦માં કોવિડ-૧૯ પછી લાખો કર્મચારીઓ વર્ક ફ્રોમ કરી રહ્યાં હતાં. જ્યારે લોકો ઓફિસ પહોંચ્યા તો જાણ થઈ કે ત્યાં ટોઈલેટ પેપર પણ નથી. ઓફિસમાં વંદાઓએ કબજો જમાવી લીધો છે. કામ કરવા માટે ટેબલ પણ નથી. આ સ્થિતિ સામાન્ય ઓફિસની નથી પણ નાસા જેવી સ્પેસ એજન્સીની ઓફિસની છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

ઇલેક્ટ્રિકલ કાર્યો

ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : Sr.DEE/ADI/70 (24-25) તારીખ 17.03.2025 ટેન્ડર સંખ્યા : EL-50-1-ADI-T-90-2024-25 કાર્યનું નામ : અમદાવાદ વિભાગમાં ભાડા ધોરણે 125નંગ 1.5 ટન ક્ષમતાના વિન્ડો પ્રકારના એસી યુનિટ પૂરા પાડવા અને પાંચ વર્ષના સમયગાળા માટે ભાડા ધોરણે ટીટીઈ રેસ્ટ રૂમ-અમદાવાદ માટે 1.5 ટન ક્ષમતાના ઇન્વર્ટર પ્રકારના સ્પ્લિટ એસી યુનિટ પૂરા પાડવા સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્યો. અંદાજિત કિંમત : ₹94,61,130/- અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹1,89,200/- ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય : 15.04.2025 ના 15:00 કલાકે. ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય : 15.04.2025 ના 15.30 કલાકે. ઓફિસનું સરનામું : સિનિયર. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 વેબસાઇટ સરનામું: www.ireps.gov.in 346

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# માઉન્ટ આબુમાં દારૂ પર પ્રતિબંધની માંગ

માઉન્ટ આબુનું નામ બદલીને 'અબુ રાજ તીર્થ' કરવાની માંગ થઈ રહી છે. મંત્રી ઓતારામ દેવાસીએ વિધાનસભામાં આ માંગણી કરી છે. તેને પવિત્ર સ્થળ ગણાવીને તેમણે ત્યાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની પણ અપીલ કરી છે. જોકે, સરકાર આ અંગે શું કહી રહી તેની રાહ જોવામાં આવી રહી છે. સિરોહી: ગુજરાતીઓનું પ્રિય અને રાજસ્થાનનું પ્રખ્યાત પર્યટન સ્થળ માઉન્ટ આબુ આ દિવસોમાં ચર્ચાનો વિષય બન્યું છે. વિધાનસભામાં માઉન્ટ આબુનું નામ બદલવાનો મુદ્દો જોરશોરથી ઉઠાવવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના મંત્રી ઓતારામ દેવાસીએ ગૃહમાં માઉન્ટ આબુનું નામ બદલીને 'અબુ રાજ તીર્થ' કરવાની માંગ કરી હતી. આ ઉપરાંત, તેને પવિત્ર તીર્થસ્થાન ગણાવીને, તેમણે ત્યાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની પણ અપીલ કરી હતી. આ માંગણી બાદ રાજકીય અને સામાજિક વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. હવે પ્રશ્ન એ થાય છે કે, શું સરકાર માઉન્ટ આબુનું નામ બદલવાનો વિચાર કરશે? રાજસ્થાનના કાશ્મીર તરીકે ઓળખાતું માઉન્ટ આબુ પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે છે. તેમાં પણ મોટી સંખ્યમાં ગુજરાતના પ્રવાસીઓનો સમાવેશ થાય છે. આ દરમિયાન રાજસ્થાન સરકારના મંત્રી ઓતારામ દેવાસીએ વિધાનસભામાં નામ બદલવાનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે, સિરોહી જિલ્લાનો આ પર્વત પ્રાચીન સમયથી સનાતન ધર્મની આસ્થાનું કેન્દ્ર રહ્યો છે. તેમણે કહ્યું કે, પહેલા આ સ્થળ 'અબુ રાજ તીર્થ' તરીકે જાણીતું હતું, પરંતુ પાછળથી તેનું નામ બદલીને માઉન્ટ આબુ રાખવામાં આવ્યું હતું. મંત્રી ઓતારામ દેવાસીએ વિધાનસભાના સત્ર દરમિયાન માંગ ઉઠાવી હતી. તેમણે સરકાર સામે આ પ્રસ્તાવ મુક્યો હતો. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, 'અબુ રાજ તીર્થ એક પવિત્ર સ્થળ છે અને ૩૩ કરોડ દેવી-દેવતાઓનું ઘર છે. તેથી તેને ફરીથી તેના પ્રાચીન નામથી ઓળખવું જોઈએ.' ગૃહમાં મંત્રી ઓતારામ દેવાસીએ માઉન્ટ આબુનું નામ બદલવાની સાથે ત્યાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, ગુરુ શિખર, દેલવારા જૈન મંદિર, અર્બુદા માતા મંદિર, ભગવાન દત્તાત્રેય મંદિર સહિત ઘણા ધાર્મિક સ્થળો અહીં આવેલા છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાકુંભના સફળ સમાપન પર લોકસભાને સંબોધન કર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશનાં પ્રયાગરાજમાં મહાકુંભનાં સફળ સમાપન પર આજે લોકસભાને સંબોધન કર્યું હતું. તેમણે રાષ્ટ્રના અસંખ્ય નાગરિકોને હૃદયપૂર્વક વંદન કર્યા હતા, જેમના પ્રયત્નોથી મહાકુંભની ભવ્ય સફળતા સુનિશ્ચિત થઈ હતી. મહાકુંભને સફળ બનાવવામાં વિવિધ વ્યક્તિઓ અને જૂથોના સામૂહિક યોગદાન પર પ્રકાશ પાડતા તેમણે સરકાર, સમાજ અને તેમાં સામેલ તમામ સમર્પિત કાર્યકરોના પ્રયાસોને બિરદાવ્યા હતા અને તેમની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ ઉત્તરપ્રદેશનાં લોકો અને ખાસ કરીને પ્રયાગરાજનાં નાગરિકોનો અમૂલ્ય સાથ-સહકાર અને સહભાગીતા બદલ સમગ્ર દેશનાં શ્રદ્ધાળુઓનો વિશેષ ઉલ્લેખ કરીને તેમનો આભાર માન્યો હતો. મહાકુંભના ભવ્ય આયોજન માટે જરૂરી પુષ્કળ પ્રયાસો પર ભાર મૂકીને, ગંગાને પૃથ્વી પર લાવવાના સુપ્રસિદ્ધ ભગીરથના પ્રયાસો સાથે સરખામણી કરીને શ્રી મોદીએ લાલ કિલ્લા પરથી પોતાના સંબોધન દરમિયાન ''સબ કા પ્રયાસ''ના મહત્વ પર ભાર મૂકવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, ''મહાકુંભે ભારતની ભવ્યતા દુનિયાને પ્રદર્શિત કરી હતી. મહાકુંભ એ લોકોની અવિરત શ્રદ્ધાથી પ્રેરિત થઈને લોકોના સામૂહિક સંકલ્પ, નિષ્ઠા અને સમર્પણનું પ્રતીક છે.'' પ્રધાનમંત્રીએ મહાકુંભ દરમિયાન જોવા મળેલી રાષ્ટ્રીય ચેતનાની ગહન જાગૃતિ પર પ્રકાશ પાડ્યો હતો અને આ ચેતના કેવી રીતે દેશને નવા સંકલ્પો તરફ દોરી જાય છે અને તેની પરિપૂર્ણતા માટે પ્રેરિત કરે છે તે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે મહાકુંભમાં રાષ્ટ્રની ક્ષમતાઓ અંગે કેટલાક લોકો દ્વારા રાખવામાં આવેલી શંકાઓ અને આશંકાઓને અસરકારક રીતે દૂર કરવામાં આવી છે. ગયા વર્ષે અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારંભ અને આ વર્ષે આયોજિત મહાકુંભ વચ્ચે સમાંતર રૂપરેખા દોરતા રાષ્ટ્રની પરિવર્તનકારી સફર પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમો આગામી સહસ્ત્રાબ્દી માટે રાષ્ટ્રની તૈયારીને વધારે મજબૂત કરે છે. રાષ્ટ્રની સામૂહિક ચેતના તેની પ્રચૂર સંભવિતતાને પ્રતિબિંબિત કરે છે. માનવ ઈતિહાસની જેમ જ કોઈ પણ રાષ્ટ્રનાં ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ ક્ષણો આવનારી પેઢીઓ માટે ઉદાહરણરૂપ છે. શ્રી મોદીએ સ્વદેશી ચળવળ દરમિયાન આધ્યાત્મિક પુનરુત્થાન, શિકાગોમાં સ્વામી વિવેકાનંદના આઈકોનિક ભાષણ અને ૧૮૫૭નો સ્વતંત્રતા સંગ્રામ, ભગતસિંહની શહીદી, નેતાજી સુભાષચંદ્ર બોઝની ''દિલ્હી ચલો'' હાકલ અને મહાત્મા ગાંધીની દાંડી કૂચ જેવી ભારતની આઝાદીની લડતમાં ચાવીરૂપ ક્ષણોને ટાંકીને રાષ્ટ્રને જાગૃત કરનાર અને નવી દિશા પ્રદાન કરનારા ભારતના ઐતિહાસિક સિમાચિહ્નો પર પ્રતિબિંબિત કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, ''પ્રયાગરાજ મહાકુંભ પણ એ જ રીતે મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે દેશની જાગૃત ભાવનાનું પ્રતીક છે.'' ભારતમાં લગભગ દોઢ મહિનાથી ચાલી રહેલા મહાકુંભ દરમિયાન જોવા મળેલા ઉત્સાહ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે કેવી રીતે કરોડો ભક્તોએ સુવિધા કે અસુવિધાની ચિંતા કર્યા વિના, અટલ શ્રદ્ધા સાથે ભાગ લીધો અને દેશની અપાર શક્તિનું પ્રદર્શન કર્યું. પ્રધાનમંત્રીએ તાજેતરમાં મોરેશિયસની મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. જ્યાં તેઓ મહાકુંભ દરમિયાન પ્રયાગરાજના ત્રિવેણીથી પવિત્ર જળ લઈને ગયા હતા, અને મોરેશિયસના ગંગા તળાવમાં પવિત્ર જળ અર્પણ કરવામાં આવ્યું ત્યારે ભક્તિ અને ઉજવણીના તીવ્ર વાતાવરણની નોંધ લીધી હતી. તેમણે ભાર મૂક્યો કે આ ભારતની પરંપરાઓ, સંસ્કૃતિ અને મૂલ્યોને સ્વીકારવાની, ઉજવણી કરવાની અને સાચવવાની વધતી જતી ભાવનાને પ્રતિબિંબિત કરે છે. શ્રી મોદીએ પેઢી દર પેઢી ચાલતી પરંપરાઓના અવિરત સાતત્ય પર ટિપ્પણી કરી, અને ભારતના આધુનિક યુવાનો મહાકુંભ અને અન્ય તહેવારોમાં ઊંડા આદર સાથે કેવી રીતે સક્રિયપણે ભાગ લે છે તેના પર પ્રકાશ પાડ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આજના યુવાનો તેમની પરંપરાઓ, શ્રદ્ધા અને માન્યતાઓને ગર્વથી સ્વીકારી રહ્યા છે, જે ભારતના સાંસ્કૃતિક વારસા સાથેના તેમના મજબૂત જોડાણને દર્શાવે છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ''જ્યારે કોઈ પણ સમાજ તેના વારસા પર ગર્વ અનુભવે છે, ત્યારે તે ભવ્ય અને પ્રેરણાદાયી ક્ષણોનું નિર્માણ કરે છે, જે મહાકુંભ દરમિયાન જોવા મળ્યું હતું.

**આજે આપણે પંચતંત્રની વાર્તાઓમાંથી એક નાનકડી બોધ કથા કે જે વિષ્ણુ શર્મા નામના પંડિતે રાજાના ત્રણ પુત્રોને સંભળાવી હતી**

# લડતાં ઘેટા અને લાલચુ શિયાળની બોધકથા માંથી ચાર શીખ ગ્રહણ કરી જીવન સુધારીએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

> સાંપ્રત સમયના સમાજમાં દરેક ક્ષેત્રમાં આવું ચાલી રહ્યું છે, પરંતુ ધર્મ ક્ષેત્રમાં જ્યારે આવા કોઈ અજ્ઞાનના મુદ્દા પર બે સંપ્રદાયો બાખડી રહ્યા હોય ત્યારે, શાણા માણસે ત્યાંથી દૂર રહેવું, અથવા તો બે બુદ્ધિ વગરના ઘેટા બાખડી રહ્યાં છે, એમાં કોઈ તથ્ય નથી એમ સમજી આપણા ધર્મની મૂળ પરંપરાને અનુસરવું, છતાં જો ભૂલથી એવા વિવાદમાં ફસાઈ ગયાં હોઈએ.

ઈશ્વરની અનહદ કૃપાને કારણે ''નાનીમા'' થઈ અને નાનીમા નાનકડી પરીને આપણી સંસ્કૃતિનો પરિચય કરાવતી વાર્તા અને હાલરડાં સંભળાવે! અને એ પણ ''બીટા ૨'' જનરેશન હોય અત્યારથી બધું રસપૂર્વક સાંભળે ! રોજ રોજ એને શું વાર્તા કરવી! એટલે સર્ચ કરતી હતી, તો પંચતંત્રની બોધકથા માંથી એક આપણે પણ સમજવા જેવી લાગી, કારણ કે ઈશ્વરે બનાવેલી દુનિયામાં જાત જાતનાં લોકો વસે છે, અને લગભગ દરેકને એમ છે કે પોતે કંઈક છે, અથવા તો પોતે શ્રેષ્ઠ છે. દુનિયાએ તેની વાત માનવી જોઈએ! તો કેટલાક એવા પણ છે જે પ્રકૃતિએ આળસુ છે, અને સમાજમાં જે લોકોની વિચારધારાનું મહત્વ વધારે હોય, એ સમૂહ સાથે એ જોડાઈ જાય, તેને પોતાની કોઈ અલગ આઈડેન્ટિટી ની જરૂર નથી. એ બસ કોઈ કહે હાં, તો હાં! અને કોઈ કહે ના તો ના! એમ જીવે રાખે, લાંબુ કંઈ વિચારે નહીં, કે આમાં અંતે તો મારું જ નુકસાન છે. જીવનની હરક્ષણ કોઈને કોઈ બોધ પાઠ શીખવવા માટે જ આપણી સામેથી પસાર થતી હોય છે. એટલે કે આપણી આસપાસ અને આપણા જીવનમાં ઘટતી ઘટનાઓથી જ આપણે કંઈક શીખ લઈએ, તો પછી વારેવારે તકલીફ કે સમસ્યાનો સામનો કરવો ન પડે. મારે તો હરઘડી સદગુરુ કૃપાનું બળ છે,પણ ઘણાને પ્રશ્ન થાય કે, જીવનમાં સદગુરુ માર્ગદર્શક બનીને શું કરતા હોય છે? કે આપણું જીવન સમુગળુ બદલાઈ જાય? તો એનો જવાબ માત્ર એક લીટીમાં એટલો જ આવે, કે સમય સંજોગો જે આપણને શીખ કે બોધ આપવા માંગતા હોય, એ આપણે ગ્રહણ કરી શકીએ, અને એમાંથી તત્વ બોધને તારવી અને આગળનું જીવન સ્વસ્થતાપૂર્વક જીવી શકીએ, એવી ક્ષમતા આપણામાં ઉભી કરે. અથવા તો સમસ્યા સમયે અન્ય કોઈના દોરાવાથી આપણે દોરાઈએ નહીં, આપણી સ્થિર અને નિર્ણયાત્મક બુદ્ધિથી આપણે નિર્ણય કરી શકીએ, કે સાચું શું છે? અને ખોટું શું છે? સારું શું છે? અને ખરાબ શું છે? ઘણીવાર એવું થતું હોય કે, આપણો સમય એવો હતો! સંજોગો એવા હતાં! સંબંધમાં દ્રોહ થયો! એટલે કે વિશ્વાસઘાત થયો! સત્ય સમજાયું નહીં! એવા બધા કારણોથી આ બોધ ગ્રહણ કરવાનું ચૂકી જતા હોઈએ છીએ, અને જે આપણાં જીવનની ભૂલ કરતાં સૌથી મોટી સમસ્યા છે, એમ કહેવું વધુ યોગ્ય રહેશે. કારણ કે સમગ્ર ઘટનાઓની હારમાળા આપણી નજર સામે જ ઘટતી રહે છે, અને આપણે ઘણીવાર ના ના! આ તો મારા લાભ માટે છે, અથવા તો મારા ફાયદા માટે છે, એવું વિચારીને તમાશો જોતા હોઈએ છીએ.



અથવા તો સ્વાર્થ પૂર્વક એ ઘટના ઘટ્યા પછી, આપણે તો માલામાલ થઈ જશું! એમ ચૂપ રહેતા હોઈએ છીએ. આજે આપણે પણ એવી એક બોધ કથાનો સહારો ચિંતનમાં લેવાનાં છીએ. આજે આપણે પંચતંત્રની વાર્તાઓમાંથી એક નાનકડી બોધ કથા કે જે વિષ્ણુ શર્મા નામના પંડિતે રાજાના ત્રણ પુત્રોને સંભળાવી હતી, એ વિશે વાત કરીશું. સર્વ પ્રથમ તો દક્ષિણના અમરશક્તિ નામના રાજાને ત્રણ પુત્રો હતાં જે દેખાવે રૂપાળા, અને બુદ્ધિથી તે મૂર્ખ હતાં. માટે રાજા કોને રાજા બનાવે એ વિશે મૂંઝાયેલો હતો અને તેણે પોતાના આ ત્રણેય પુત્રોને બુદ્ધિશાળી બનાવવા માટે વિષ્ણુ શર્મા નામના પંડિતને પોતાના રાજ દરબારમાં બોલાવ્યા હતા, અને એણે આ ત્રણે રાજકુમાર ને સંબોધીને જે જે બોધ વાર્તાઓ કહી તેને આપણે પંચતંત્રની કથાઓ તરીકે ઓળખીએ છીએ. લડતાં ઘેટા અને લાલચુ શિયાળ. એક જંગલમાં એક શિયાળ ખોરાકની તલાશમાં આમતેમ ભટકી રહ્યું હતું, ત્યાં એની નજર બે લડતાં ઘેટા પર પડી. જે બંને જણાં એકબીજા સાથે માથાં ભટકાડીને પ્રચંડવેગથી લડી રહ્યા હતાં. શિયાળને થયું કે હમણાં લડતાં લડતાં આ બંને મરી જશે, અને મને તેનું તાજુ તાજુ માસ ખાવા મળશે. એટલે શિયાળ ત્યાં આગળ ઊભું રહી ગયું, કે મારે તો કંઈ કરવાની જરૂર જ નથી. બંને ઘેટાંઓ લડતાં હતાં અને માથા પછાડતાં હતાં, એટલે બહુ સ્વાભાવિક રીતે જ તેમનાં માથામાં ઈજા પહોંચી હતી, અને તેમાંથી લોહી નીકળતું હતું. શિયાળ એ લોહી ચાટતું હતું, અને ક્યારે આ લોકો લડી લડીને મરી જાય! અને તે એનો ખોરાક મેળવે. ઝાડ ઉપર બેઠેલો કાગડો શિયાળને કહેતો હતો કે, તમે અહીંથી આઘા ચાલ્યા જાઓ, નહીં તો હમણાં તમારો મરો છે. પરંતુ શિયાળે એની વાત સાંભળી નહીં, અને કહ્યું કે અડધી કલાક પછી તું જોજે શું થાય છે! અને શિયાળ ધીરેધીરે કરતા ઘેટાની એકદમ નજીક પહોંચી ગયું. સમજો બિલકુલ બંનેની વચ્ચે, અને બંને ઘેટાંઓ નીચે મુંડી કરીને, એકબીજા સાથે યુદ્ધ કરી રહ્યાં હતાં. સાચે જ એ કાગડાની ભવિષ્યવાણી સાચી પડી, અને આ વખતે શિયાળ બંને ઘેટાની વચ્ચે આવીને છુંદાઈ ગયું. એટલે કે બંનેના માથાં પ્રચંડ વેગથી તેની સાથે ભટકાયા, અને તેનો છુંદો થઈ ગયો. પંચતંત્રની વાતમાં લખ્યું નથી, કે ઘેટાનું શું થયું? પણ અંતે એ લોકો પણ બંને જણાં લડતાં લડતાં મરી જ ગયા હશે, અને શિયાળનાં મરવા સાથે જ કાગડાએ, પોતાના ભાઈબંધોને કા કા કરીને, બોલાવી લીધાં, અને એમણે શિયાળના દેહની ઉજાણી કરી! આ નાનકડી બોધ કથા આપણને ચાર પ્રકારની શીખ આપે છે, સર્વ પ્રથમ તો કે બે વ્યક્તિની લડાઈ ચાલતી હોય, ત્યારે ત્યાં ઊભા રહીને, પોતાના લાભ માટે તમાશો જોવો નહીં. બીજું કોઈ આપણને એવે સમયે ચેતવે તો એમાં પોતાનું હિત છે, એમ સમજી લેવું! પુરુષાર્થ કર્યા વગર લાલચની અપેક્ષા રાખવાથી ક્યારેય ભલું થતું નથી. એટલે કે મેળવવા કરતા ક્યારેક ગુમાવવું પણ પડે! અને સૌથી છેલ્લી અને મહત્વની શીખ, ઘેટાંને કોઈપણ પ્રકારની બુદ્ધિ હોતી નથી, માટે આવા બુદ્ધિ વગરની બહેસ કે લડાઈમાં પડ્યા વગર આપણે આપણું કામ કરવું! એને મહત્વ દેવું નહીં, એટલે કે જેમાં કોઈ તથ્ય જ ન્હોય! ત્યાં આગળ ખોટો સમય કે શક્તિનો વ્યય કરવો નહીં! સાંપ્રત સમયના સમાજમાં દરેક ક્ષેત્રમાં આવું ચાલી રહ્યું છે, પરંતુ ધર્મ ક્ષેત્રમાં જ્યારે આવા કોઈ અજ્ઞાનના મુદ્દા પર બે સંપ્રદાયો બાખડી રહ્યા હોય ત્યારે, શાણા માણસે ત્યાંથી દૂર રહેવું. અથવા તો બે બુદ્ધિ વગરના ઘેટા બાખડી રહ્યાં છે, એમાં કોઈ તથ્ય નથી એમ સમજી આપણા ધર્મની મૂળ પરંપરાને અનુસરવું. છતાં જો ભૂલથી એવા વિવાદમાં ફસાઈ ગયાં હોઈએ, ત્યારે કોઈ કાગ વાણી એટલે કે ભવિષ્યવાણી કરે તો એની વાત માની અને ત્યાંથી નીકળી જવું. એ રસ્તો સાચા ધર્મનો નથી, સાચો ધર્મ ક્યારેય લડાઈ શીખવે નહીં. હું સાચું શીખવે નહીં. હું શ્રેષ્ઠ છું? બધાંએ અમારાં જ ધર્મ ને મહત્વ દેવું! અથવા અનુસરવું, એવું કહે નહીં! એ વાત ખાસ યાદ રાખવી. બાકી તો જીવન વ્યવહારમાં આવી ઘેટાઓની લડાઈ વારંવાર જોવા મળવાની જ છે, તો એમાં આપણે પડવું નહીં. બીજું આપણે પણ જ્યારે અન્ય સાથે કોઈ મુદ્દે વિચાર વિવાદ કરતાં હોઈએ, ત્યારે એ પણ ચકાસી લેવાનું. ક્યા વિચાર વિવાદમાં કોઈ તથ્ય જ છે ખરું? કે આપણે પણ પેલા ઘેટાઓની જેમ જ શરૂ થઈ ગયા છીએ. તો આપણે સૌ આપણી આસપાસ ઘટતી ઘટનાઓમાંથી, સાચો અને જીવન સુધારી શકે એવો બોધ પ્રાપ્ત કરી, અને આવાં સમાજના દુશ્મન જેવા ઘેટાની લડાઈઓમાં અટવાયા વગર આપણી જાતને બચાવીને જીવી શકીએ, અને લોભ લાલચ છોડી સ્વસ્થ બનીએ અને સમાજને સ્વસ્થ બનાવીએ.

**માતા મહાલક્ષ્મી નારાયણ સાથે વૈકુંઠ ધામમાં શ્રાવણ સુદ પૂનમનાં રોજ પધાર્યા તેથી રામાનુજાચાર્ય પંથના મંદિરોમાં તે દિવસે પાટોત્સવ કરવાનો રિવાજ છે**

# ત્યાગ વિના કંઈપણ પ્રાપ્ત કરવું શક્ય નથી, કારણ કે શ્વાસ લેવા માટે પણ શ્વાસ છોડવો પડે છે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

> ભગવાનને કહેવાનું કે પ્રભુ,હું નથી મંત્ર જાણતો, નથી ક્રિયા જાણતો અને નથી ભક્તિ જાણતો હું તો મંત્રરહિત, ક્રિયા રહિત,ભક્તિરહિત છું, મારી ભૂલ થતી હોય તે ક્ષમા કરજો અને ચારા કર્મને પરિપૂર્ણ માનજો, સત્કર્મ કર્યાપછી દૈન્ય ન આવે તો તે સત્કર્મ ફળતું નથી, કર્મ બાધક થતું નથી, પણ મેં કર્યું છે એવો અહંકાર કર્મમાં બાધક છે, હૃદયથી નમશો તો ભગવાનને ગમશો, દૈત્યનો પ્રભાવ તો જુઓ!

આજે ઓગણીસમી માર્ચ છે ગઈકાલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ પુરી થઈ હવે પરિણામની ઈન્તજાર છે.. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ન જાનામિ દાનમ્ ન ચ ધ્યાનમ્ ન જાનામિ તંત્રમ્ ન ચ સ્તોત્ર મંત્રમ્ ન જાનામિ પૂજામ્ ન ચ ન્યાસયોગમ્ ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !! ભગવાનને કહેવાનું કે પ્રભુ, હું નથી મંત્ર જાણતો, નથી ક્રિયા જાણતો અને નથી ભક્તિ જાણતો હું તો મંત્રરહિત, ક્રિયા રહિત,ભક્તિરહિત છું. મારી ભૂલ થતી હોય તે ક્ષમા કરજો અને ચારા કર્મને પરિપૂર્ણ માનજો. સત્કર્મ કર્યાપછી દૈન્ય ન આવે તો તે સત્કર્મ ફળતું નથી. કર્મ બાધક થતું નથી, પણ મેં કર્યું છે એવો અહંકાર કર્મમાં બાધક છે. હૃદયથી નમશો તો ભગવાનને ગમશો.દૈત્યનો પ્રભાવ તો જુઓ! બલિમાં દૈત્ય આવ્યું એટલે સેવ્ય હતા તે સેવક બન્યા.ભગવાન એને ત્યાં દ્વારે દ્વારે પહેરો ભરવા તૈયાર થયા.જેની એકએક ઈન્દ્રિય પર પ્રભુનો પહેરો રહે એને પછી કઈ વાતની ચિંતા? એને પછી દુ:ખ શું? ભય શું? એક વખત રાવણ ફરતો ફરતો પાતાળમાં બલિ સામે લડવા આવ્યો તેણે વામનને દ્વારે પહેરો ભરતા જોયા. રાવણે કહ્યું,મારે બલિ સાથે યુદ્ધ કરવું છે. વામનજીએ કહ્યું, હું તો સેવક છું. પહેલાં મારી સાથે લડ! પછી મારા માલિક સાથે!રાવણ એટલે કામનું પ્રતીક. પ્રભુ સાથે લડવાનું એનું શું ગજું? લડવા ગયો ત્યાં વામન ભગવાને રાવણની છાતી ઉપર લાત મારી ને સમુદ્રકિનારે જઈ પડયો. રાવણ એ કામ છે. તમારા ઈન્દ્રિય દ્વારે ભગવાન પહેરો ભરે, તો તેમાં કામ પ્રવેશ કરી શકે નહીં. બલિરાજાને ત્યાં વામન ભગવાન દાન લેવા ગયા, અને દાન લઈ તેને ઘરે પહેરો ભરવો પડયો! જેદાન લે તે બંધનમાં પડે છે.દાન લેનાર ની પણ મોટી જવાબદારી છે. મહાલક્ષ્મી ઘરમાં એકલા છે. તેમને નારાયણ વગર ચેન પડતું નથી. ક્યારે આવશે?ક્યાં હશે? અકળાઈને નારદજીને પૂછ્યું. સાભળી લક્ષ્મીજી દોડતાં સૂતળ પાતાળમાં આવ્યાં. ઘરમાં ઠાકોર જીને પધરાવશો તો લક્ષ્મીજી પાછળ પાછળ વગર આમંત્રણે આવશે. લક્ષ્મીજીએ બ્રાહ્મણ પત્નીનો વેશ લીધો. લક્ષ્મીજીએ બલિરાજાને કહ્યું કે,હું તારી ધર્મ ની ભગીની.તું મારો ધર્મનો ભાઈ. બિલને આનંદ થયો. બલિરાજાને પ્રણામ કર્યા.કહે કે, ક્યારનું મનમાં મને એક દુ:ખ હતું કે,જગતમાં મારે કોઈ બહેન નથી. સારું થયું મને બહેન મળી! પણ માતાજીનો જીવ વલોવાઈ જાય છે. દ્વારિકાનાથ હાથમાં લાકડી લઈ સિપાઈ જેમ પહેરો ભરે છે! શ્રાવણ મહિનો આવ્યો. લક્ષ્મીજી એ પૂર્ણિમાના દિવસે બલિરાજાને કહ્યું, આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મીજીએ રાખી બાંધી બલિરાજા પ્રણામ કરે છે નેવિચાર કરે છે કે, મારે બહેનને



હવે કંઈક આપવું જોઈએ બલિરાજાએ માતાજીને કહ્યું, તમારી જે ઈચ્છા હોય તે માગો.શ્રાવણ મહિનો આવ્યો. લક્ષ્મીજીએ પૂર્ણિમાના દિવસે બલિરાજાને કહ્યું, આજે હું તારે હાથે રક્ષા બાંધીશ. લક્ષ્મી જીએ રાખી બાંધી. બલિરાજા પ્રણામ કરે છે અને વિચાર કરે છે કે, મારે બહેનને હવે કંઈક આપવું જોઈએ બલિરાજાએ માતાજીને કહ્યું, તમારી જે ઈચ્છા હોય તે માગો. લક્ષ્મીજીએ કહ્યું, મારા ઘરમાં બધું છે, પણ એક નથી. આ તારે ત્યાં જે પહેરો ભરે છે તે જોઈએ. તેને તું મુક્ત કર! બલિરાજા પૂછે છે, તે તમારા શું સગા થાય? લક્ષ્મીજીએ જવાબ આપ્યો.એ મારા નારાયણ છે. ત્યાં નારાયણ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા છે. માતા મહાલક્ષ્મી નારાયણ સાથે વૈકુંઠ ધામમાં શ્રાવણ સુદ પૂનમનાં રોજ પધાર્યા તેથી રામાનુજાચાર્ય પંથના મંદિરોમાં તે દિવસે પાટોત્સવ કરવાનો રિવાજ છે. આ રીતે લક્ષ્મીજી દાન લઈને બંધનમાં પડેલા પ્રભુને છોડાવે છે. દાન સ્વીકારીને પ્રભુ ઋણમાં આવી ગયા અને દ્વારપાળ બનવું પડયું, તો સામાન્ય માનવીનું દાન લેવાથી શું થતું હશે તેનો વિચાર કરો.દાન લેવું એ ઘણી મોટી જવાબદારી છે. જવાબદારીની પાત્રતા હોય તે દાન લઈ શકે. વામનચરિત્રની આ કથા પરમ પવિત્ર છે. પિતૃ તિથિના દિવસે આ વામન ચરિત્રનો પાઠ કરવામાં આવે તો પિતૃઓને સદગતિ મળે છે હવે શરણાગતિની કથા શરૂ થાય છે. સત્યવ્રત મનુ મહારાજ કૃતમાલા નદીને કિનારે તપશ્ચર્યા કરતા હતા ત્રિવેન્દ્રમથી દૂર આ નદી છે.અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરી. એકવાર નદીમાં ઊભા રહી તેઓ જળ તર્પણ કરતા હતા.જળ તર્પણ કરતાં એક વખત મનુ મહારાજના હાથમાં માછલું આવ્યું તેને તેમણે છોડી દીધું.ત્યારે માછલાએ કહ્યું, હું તમારા હાથમાં આવ્યું, એટલે તમારા શરણે આવ્યું કહેવાઉ. હવે તમે મને છોડી દેશો તો મોટા માછલાં મને મારી નાંખશે. માટે મારું રક્ષણ કરો. મહારાજે તેને કમંડળમાં રાખ્યું.એમ કરતાં માછલું મોટું થયું. માછલું કહે કે,મને વિશાળ જગ્યામાં રાખો મોટી જગ્યામાં રાખ્યું તો ત્યાં વિશાળ સ્વરૂપ ધારણ કર્યું.સત્ય વ્રતને આશ્ચર્ય થયું કે, નક્કી આ માછલું સાધારણ નથી, કોઈ ચમત્કારિક લાગે છે. માછલુંએ વૃત્તિ છે. વૃત્તિ નાનેથી મોટી થાય છે, છતાં તે બ્રહ્માકાર ન થાય ત્યાં સુધી શાંતિ નથી જીવ ભલે દુ:ખી થાય,ઈશ્વરને દુ:ખ થતું નથી. ઈશ્વર તો સાક્ષી છે,દ્રષ્ટા છે, કર્તા નથીને ભોક્તા પણ નથી. ઈશ્વર પ્રકાશ છે. દીવાના પ્રકાશે કોઈ ભાગવતનો પાઠ કરે કે કોઈ ચોરી કરે,પણ દીવાને તેના પ્રત્યે ભાવ કે કુભાવ નથી.દીવાનો એક જ ધર્મ છે.સર્વને પ્રકાશઆપવાનો પ્રકાશને કોઈની સાથે સંબંધ નથી. તેવી રીતે પરમાત્મા સર્વના હૃદય માં રહી દીવાની જેમ પ્રકાશ આપે છે. જીવ પાપપુણ્ય કરે તેની અસર સાક્ષી પરમાત્માને થતી નથી. ઈશ્વર ન કહેવાયનિષ્ઠુર અને ન કહેવાય દયાળુ.તે બધા ગુણધર્મ થી પર છે. ઈશ્વરમાં કોઈ ધર્મ નથી ઈશ્વર આનંદરૂપ છે, સર્વ વ્યાપક છે. પરમાત્મા બુદ્ધિથી પર છે.બુદ્ધિ માં પ્રકાશ ઈશ્વર આપે છે ઈશ્વરને પ્રકાશ આપનાર કોઈનથી ઈશ્વર સ્વયં પ્રકાશ છે.ઈશ્વર સિવાય સર્વ પર પ્રકાશિત છે.જ્ઞાની પુરુષો તે સ્વરૂપનો અનુભવ કરતાં બ્રહ્મા કાર વૃત્તિ ધારણ કરે છે વૃત્તિ જ્યારે શ્રીકૃષ્ણાકાર, બ્રહ્માકાર બને ત્યારે જ શાંતિ મળે છે. ઈશ્વર વિના બધું અલ્પ છે, તેથી કોઈ પણ વૃત્તિમાં મનોવૃત્તિ શાંત થતી નથી. લાકડાંમાં અગ્નિ છેપણ તે અગ્નિનો ઉપયોગ સ્વતંત્રપણે થઈ શકતો નથી. લાકડાંમાં રહેલા અગ્નિ ઉપર બહારનો લૌકિકઅગ્નિ મૂકો ત્યારે ભડકો થશે.સ્વયંપ્રકાશ પરમાત્મા સર્વના હૃદયમાં રહી માત્ર પ્રકાશ જ આપે છે, બીજું કાંઈ કરતા નથી.મનને માછલાંની ઉપમા આપવામાંઆવે છે. મત્સ્યનારાયણે કહ્યું,રાજા, તારું કલ્યાણ કરવા જ આવ્યો છું. આજથી સાત દિવસ પછી પ્રલય થવાનો છે.પ્રલયમાં સર્વનો નાશ થશે પણ હું તારું રક્ષણ કરીશ. મારા ભીંગડામાં તારી નાવડીબાંધી દેજે!સત્યવ્રતે મત્સ્યનારાયણનું શરણું લીધું કે હું આપને શરણે આવ્યો છું. આપ મને ઉગારો! મત્સ્યનારાયણ એ ગુરુ સ્વરૂપ છે. તેઓ સત્યવ્રતને પ્રલયમાંથી ઉગારે છે. આમ, આઠમા સ્કંધમાં સંતોના ચાર ધર્મ બતાવ્યા આપત્તિમાં ભગવાનનું સ્મરણ જેમ ગજેન્દ્ર કર્યું તેમ કરવું સંપત્તિમાં સર્વસ્વનું દાન કરવું જેમ બલિરાજાએ કર્યું તેથી વાસનાનો ક્ષય થાય છે વિપત્તિમાં પણ વજન ભંગ ન કરવો વચન ગમે તે ભોગે પાડવું જેમ બલિરાજાએ પાડ્યું સર્વ અવસ્થામાં ભગવાનનું શરણું જેમ સત્ય વ્રત મત્સ્ય નારાયણને શરણે થાય જાય છે તેમ સંતોના ચાર ધર્મો જો માનવી જીવનમાં ઉતારે તો વાસના ઉપાસના બને છે.અને છેલ્લે ભવાની અષ્ટકમ જોઈએ ન તાતો ન માતા ન બંધુર્ન દાતા ન પુત્રો ન પુત્રી ન ભૃત્યો ન ભર્તા ન જાયા ન વિદ્યા હ વૃત્તિર્મમૈવ ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !! ન જાનામિ દાનમ્ ન ચ ધ્યાનમ્, ન જાનામિ તંત્રમ્ ન ચ સ્તોત્ર મંત્રમ્ ,ન જાનામિ પૂજામ્ ન ચ ન્યાસયોગમ્ ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ ત્વમેકા ભવાની !! અસ્તુ..

### જસ્ટિન અને હેલી હોલિવૂડની સ્પોટલાઇટથી દૂર જવા વિચારે છે

# જસ્ટિનને હેલી સાથે નવી શરૂઆત કરવાની ઈચ્છા



### તેમના ડિવોર્સની અફવાઓ અને જસ્ટીન ડ્રગ લેતો હોવાના અહેવાલોથી તેના ફેન્સ પણ ચિંતામાં મુકાયા

જસ્ટિન બીબર અને તેની પત્ની હેલી બીબરના ડિવોર્સની અફવાઓ અવારનવાર ફેલાતી રહે છે, તેનાથી કંટાળીને હવે આ કપલ હોલિવૂડની દુનિયાથી દુર જવા માગે છે. જેથી તેઓ આવા લોકોની નજરથી બચી શકે. કેટલાંક મેગેઝિનના અહેવાલો મુજબ, એક સૂત્ર દ્વારા માહિતી મળી છે કે, તેઓ યૂએસ છોડવા વિચારી રહ્યા છે. તેમના દિકરા જેક બ્લ્યુના ઘડતરના મહત્વના દિવસોમાં સતત સ્પોટલાઈટમાં રહેવાથી તેમના સંબધોમાં અસર પડી છે. તાજેતરમાં ફેલાયેલી તેમના ડિવોર્સની અફવાઓ અને જસ્ટીન ડ્રગ લેતો હોવાના અહેવાલોથી તેના ફૅન્સ પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. સૂત્રએ આગળ એમ પણ કહ્યું કે જસ્ટિન બાળપણથીં જ કેલિફોર્નિયામાં રહેવા માગતો હતો. તેની સાથે ઘણું બની ગયું છે. તે ૧૩ વર્ષની ઉંમરે યૂએસ આવી ગયો હતો. “જસ્ટીને અત્યાર સુધી ઘણું સહન કર્યુ છે તે બધાં જ જાણે છે, હવે તે એક પતિ અને પિતા છે, ત્યારે એને લાગે છે કે તેને આવી લોકપ્રિયતાની અપેક્ષા નહોતી, એ અને હેલી યૂએસ છોડવાનું વિચારે છે.”જસ્ટિન તો બાળપણથી જ દરેકની નજરમાં રહ્યો છે પરંતુ તે પોતાના દિકરા બાબતે ઘણો પ્રોટક્ટિવ છે અને કદાચ તેના અને હેલીના આવનારા બીજાં બાળક માટે પણ. હેલીને તો કામ માટે મુસાફરી કરતા રહેવાની આદત છે. ત્યારે “તે હવે સ્થિર થઈને રહેવા માગે છે અને જેક માટે ઘરનો સુરક્ષિત માહોલ ઈચ્છે છે.” તેથી તેઓ નથી ઈચ્છતા કે તેમના બાળકો લોસ એન્જલસ કે ન્યૂ યોર્કમાં મોટાં થાય. જ્યોર્જ ક્લૂનીની જેમ, જે ઈટાલીમાં રહે છે, તેમ જસ્ટીન પણ યુરોપ શીફ્ટ થવા માગે છે.

# અભિષેક બચ્ચનને એક્ટિંગ ભુલ લાગતી હતી અને ફિલ્મી દુનિયા છોડી દેવી હતી

### નિષ્ફળતાઓમાંથી શીખવા બાબતે અભિષેકે કહ્યું, સમય સાથે તમે ઘણું શીખો છો, તમને અનુભવ ઘણું શીખવે છે

અભિષેક બચ્ચને ધીરે ધીરે ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન જરૂર બનાવી લીધું છે પરંતુ શરુઆતમાં તેને ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે. શરૂઆતમાં વર્ષોમાં જ એક પછી એક નિષ્ફળ ફિલ્મ અને પિતા અમિતાભ બચ્ચન સાથે સતત સરખામણીનાં કારણે અભિષેક મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો. તે એક એવા તબક્કે પહોંચી ગયો હતો, જ્યાં તેણે ફિલ્મી દુનિયા છોડવાનો નિર્ણય લઈ લીધો હતો પરંતુ તેના પિતા અમિતાભ તેને પાછો ખેંચી લાવ્યા. તાજેતરમાં અમિભેષક બચ્ચનની ફિલ્મ બી હેપ્પી ઓટીટી પર રિલીઝ થઈ છે, ત્યારે આ સંદર્ભે આપેલાં એક ઈન્ટરવ્યુમાં અભિષેકે પોતાનાં સંઘર્ષના સમયની વાત કરી હતી. અભિષેકે કહ્યું,“મને યાદ છે, એક રાત્રે હું મારા પપ્પા પાસે ગયો અને કહ્યું કે મેં ભુલ કરી નાંખી છે અને હું જે કંઈ કરું છું, એ કશું જ ચાલતું નથી. કદાચ આ જ રીતે આ દુનિયા મને કહેવા માગે છે કે આ મારું કામ નહીં. એ અદ્દભૂત હતા. એમણે મને કહ્યું, “હું તને એક પિતા તરીકે નહીં પણ એક એક્ટર તરીકે કહું છું, તારે હજુ ઘણું દૂર જવાનું છે. તું ભલે એક ઘસાયેલો હિરો ન હોય પરંતુ તું તારી દરેક ફિલ્મ સાથે વધુ નિખાર પામીશ. બસ કામ



કરતો રહે અને તું એક દિવસ ત્યાં પહોંચી જઈશ. હું જેવો રૂમમાંથી બહાર નીકળવા માંડ્યો કે, તેઓ બોલ્યા કે, મેં તને છોડીને ભાગી જવા માટે મોટો કર્યો નથી, તો લડવાનું ચાલુ રાખ. એ મારા માટે બહુ જ મહત્વનું હતું.”” નિષ્ફળતાઓમાંથી શીખવા બાબતે અભિષેકે કહ્યું, “સમય સાથે તમે ઘણું શીખો છો અને તમને અનુભવ ઘણું શીખવે છે. જો તમે આ રીતે જુઓ તો આપણે બધાં એક હારી રહેલી બાજી સામે લડી રહ્યા છીએ. અંતે આપણામાંથી કોઈ આમાંથી બચી શકવાનું નથી. તમે નિષ્ફળ જશો, તમારે આગળ વધવા માટે નિષ્ફળ થવું જ પડશે. નિષ્ફળતા એ સફળતાનું અભિન્ન અંગ છે. નિષ્ફળ નહીં થાઓ તો સફળ પણ થઈ શકશો નહીં. હું આ બાબતને આ રીતે જોઉં છું.”

# મનીષા-ઐશ્વર્યા વચ્ચે રાજીવના લીધે થયો હતો વિવાદ

### સૌથી વધુ લોકપ્રિય મનીષા કોઈરાલા, મોડેલ રાજીવ મુલચંદાની અને ઐશ્વર્યા રાયનો કથિત પ્રેમ ત્રિકોણ હતો

૯૦ના દાયકામાં બોલિવૂડમાં અનેક પ્રકારના સમાચાર ફેલાતા હતા. ફિલ્મ ઉદ્યોગ સનસનાટીભર્યા હેડલાઈન્સ, ગપસપ અને ઝઘડાઓથી ભરેલો હતો. સૌથી વધુ લોકપ્રિય મનીષા કોઈરાલા, મોડેલ રાજીવ મુલચંદાની અને ઐશ્વર્યા રાયનો કથિત પ્રેમ ત્રિકોણ હતો. ‘પ્રેમ પત્ર’ મળ્યા બાદ મનીષાએ તેના બોયફ્રેન્ડ રાજીવ પર ઐશ સાથે અફેર હોવાનો આરોપ લગાવ્યો ત્યારે વિવાદ શરૂ થયો. છેતરપિંડીના આરોપોને શાંતિથી ન લેતા, ઐશ્વર્યાએ જાહેરમાં આ અહેવાલની નિંદા કરી અને સ્વીકાર્યું કે તે તેનાથી ‘આઘાત



અને નિરાશ’ થઈ છે.તે સમયે, મનીષા રાજીવને ડેટ કરી રહી હોવાની અફવા હતી, જેનું નામ ઐશ્વર્યા સાથે જોડાયું હતું. અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે મનીષાને કથિત રીતે રાજીવ દ્વારા ઐશ્વર્યાને લખેલા પ્રેમપત્રો મળ્યા હતા, જેનાથી તેમની વચ્ચે અફેરની અટકળોને વેગ મળ્યો હતો.જોકે, એક જૂના ઈન્ટરવ્યુમાં, ઐશ્વર્યાએ ખુલાસો કર્યો કે કેવી રીતે શરૂઆતમાં તેણી ૧૯૯૫ ની ફિલ્મ ‘બોમ્બે’ માં મનીષાના અભિનયની પ્રશંસા કરવાનો ઈરાદો ધરાવતી હતી પરંતુ જ્યારે મનીષાએ તેને આ બાબતમાં ખેંચી લીધી, ત્યારે એક અલગ જ વિવાદ શરૂ થયો. તેમણે એમ પણ કહ્યું કે અફવાઓથી તેઓ ખૂબ જ પ્રભાવિત થઈ હતી. એશે કહ્યું- મેં તાજેતરમાં બોમ્બે જોયું અને મને લાગ્યું કે મનીષા ખૂબ જ સારી હતી. હું પણ તેમને અભિનંદન આપવા માટે ગુલદસ્તો મોકલવાનું વિચારી રહી હતીતેણીએ કહ્યું- ૧ એપ્રિલના રોજ, રાજીવે મને ફોન કર્યો અને મેં ઉત્સાહથી તેમને કહ્યું કે હું મનીષાના અભિનયની કેટલી પ્રશંસા કરું છું. મનીષાએ દાવો કર્યો છે કે તેને મારા દ્વારા તમને લખાયેલો પ્રેમ પત્ર મળ્યો છે. મને વિશ્વાસ જ ન આવ્યો! આ મારા માટે મોટો આઘાત હતો.સ્ટારે આરોપોના સમય પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે જો આ સાચું હોય, તો જુલાઈ ૧૯૯૪ માં માહિતી કેમ બહાર ન આવી? જો રાજીવથી અલગ થવાનું કારણ આ જ હતું, તો તેને બહાર લાવવામાં નવ મહિના કેમ લાગ્યા?


### ‘વોર ૨’ યશ રાજ ફિલ્મ્સની જાસૂસી દુનિયાની છઠ્ઠી ફિલ્મ છે

# ઋતિક રોશન-જુનિયર એનટીઆરની ‘વોર ૨’ની રીલીઝ ડેટ કન્ફર્મ



### યશ રાજ ફિલ્મ્સે X પર પોસ્ટ કરી અને લખ્યું, ‘અમે ‘વોર ૨’નું માર્કેટિંગ શરૂ કરીએ તે પહેલાં તમે તેને શાનદાર રીતે સેટ કર્યું’

ઋતિક રોશન અને જુનિયર એનટીઆરના ચાહકો માટે સારા સમાચાર આવ્યા છે. બંને સ્ટાર્સની એક્શન ફિલ્મ ‘વોર ૨’ ની રિલીઝ ડેટ હવે જાહેર થઈ ગઈ છે. આ ફિલ્મ આ વર્ષે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવશે.રિતિક રોશન જુનિયર એનટીઆર ફિલ્મ ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ૨૦૧૯ માં રિલીઝ થયેલી ઋતિક રોશનની ફિલ્મ ‘વોર’ એ દર્શકોના દિલ જીતી લીધા. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ઘણી કમાણી કરવાની સાથે ઘણા રેકોર્ડ બનાવ્યા. ત્યારથી, દર્શકો ‘વોર’ ની સિક્વલની રાહ જોઈ રહ્યા હતા. હવે ઋતિક રોશનના ચાહકોની આ રાહનો અંત આવવા જઈ રહ્યો છે કારણ કે ‘વોર ૨’ ખૂબ જ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છેયશ રાજ ફિલ્મ્સે ઠ પર પોસ્ટ કરી અને લખ્યું, ‘અમે ‘વોર ૨’નું માર્કેટિંગ શરૂ કરીએ તે પહેલાં તમે તેને શાનદાર રીતે સેટ કર્યું છે.’ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, વિશ્વભરના સિનેમાઘરોમાં વિનાશ થશે. તમને જણાવી દઈએ કે ‘વોર ૨’ યશ રાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સના બેનર હેઠળ બની રહેલી છઠ્ઠી ફિલ્મ છે. આ પહેલા પણ આ બેનર હેઠળ ઘણી ફિલ્મો બની ચૂકી છે. આ યાદીમાં ‘એક થા ટાઈગર’, ‘ટાઈગર ઝિંદા હે’, ‘ટાઈગર ૩’, ‘વોર’ અને ‘પઠાણ’નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ‘આલ્ફા’ અને ‘પઠાણ ૨’ જેવા આગામી પ્રોજેક્ટ્સ પણ આ બ્રહ્માંડનો ભાગ છે.‘વોર’નું દિગ્દર્શન સિદ્ધાર્થ આનંદે કર્યું હતું, જ્યારે ‘વોર ૨’નું દિગ્દર્શન અયાન મુખર્જી કરી રહ્યા છે. ટાઈગર શ્રોફ રિતિક રોશન સાથે વોરમાં જોવા મળ્યો હતો. જોકે, સિક્વલમાં, ઋતિકનો સામનો જુનિયર એનટીઆર સાથે થશે. જ્યારે કિયારા અડવાણી ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળશે.રજનીકાંતની ફિલ્મ ‘કુલી’ પણ સ્વતંત્રતા દિવસના અવસર પર રિલીઝ થવાની હતી. પરંતુ હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે ટક્કર ટાળવા માટે, ‘કુલી’ અને ‘વોર ૨’ ના નિર્માતાઓએ સમાધાન કરવાનો નિર્ણય લીધો છે અને હવે બંને ફિલ્મો અલગ અલગ અઠવાડિયામાં રિલીઝ થશે.



‘કૂલી’ની જાહેરાત કરી ત્યારથી રજનીના ભક્તો અને ફેન્સ તેની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે

# ‘વોર ૨’ સાથે ટક્કર ટાળવા ‘કૂલી’ની પણ તારીખ બદલાશે

રજનીકાંતે એક્શન થ્રિલર ‘કૂલી’ની જાહેરાત કરી ત્યારથી રજનીના ભક્તો અને ફેન્સ તેની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે. ડિરેક્ટર લોકેશ કનગરાજ પહેલી વખત આ ફિલ્મમાં થલાઈવા રજનીકાંત સાથે કામ કરી રહ્યા છે.તાજેતરમાં એવા અહેવાલો આવ્યા છે કે હિતિક રોશન અને જુનિયર એનટીઆરની ‘વૉર ૨’ પણ એક એક્શન ફિલ્મ છે અને તેમાં પણ સ્ટાર પાવર છે. આ મોટા બેનરની ફિલ્મને પણ ૧૫ ઓગસ્ટના સ્વાતંર્ત્ય દિવસના વીકેન્ડને ધ્યાનમાં રાખીને રિલીઝ કરવાનું આયોજન છે. ત્યારે હવે જો આ બંને ફિલ્મ વચ્ચે ટક્કર થાય તો બંનેએ બોક્સ ઓફિસ પર નુકસાન ભોગવવું પડે. ત્યારે આ ટક્કરથી બચવાનું હવે નક્કી છે. સાઉથ સિનેમાના કેટલાક અહેવાલો મુજબ આ ટક્કર ટાળવા ઘણા ચર્ચા વિચારણા કરવામાં આવી. આ ચર્ચાને અંતે બંને ફિલ્મના મેકર્સ દ્વારા નિર્ણય લેવાયો છે કે તેઓ પોતાની ફિલ્મ અલગ અલગ તારીખે રિલીઝ કરશે.તેના પરિણામે જો ‘વૉર ૨’ ૧૫ ઓગસ્ટના વીકેન્ડમાં રિલીઝ થશે તો હવે ‘કૂલી’ આ તારીખે રિલીઝ




બોક્સ ઓફિસ પર નુકસાન ટાળવા રજનીકાંત નવું વીકેન્ડ પસંદ કરશે

થશે નહીં. હવે આગળ કઈ તારીખે રિલીઝ કરવું તે અંગે ચર્ચાઓ ચાલુ છે. હવે તેઓ ડિસ્ટ્રીબ્યુટર્સ સાથે બેસીને આયોજન કરી રહ્યા છે કે તેઓ કઈ તારીખોમાં ફિલ્મને પૅન ઈન્ડિયા રિલીઝ કરી શકે, જે ફિલ્મ માટે એક સુરક્ષિત વીકેન્ડ હોય. તાજેતરમાં જ ફિલ્મની ટીમ દ્વારા સેટ પર ડિરેક્ટર લોકેશ કનગરાજનો બર્થડે ઉજાવાયો હતો, તેની કેટલીક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા.

### ટોચના ગાયકોમાંના એક | મારા ઘણા ગીતો પણ મારી પાસેથી છીનવી લેવામાં આવ્યા હતા

# ઓસામા લાદેન અલકા યાજ્ઞિકના અવાજનો જબરો ચાહક

અલકા યાજ્ઞિક હિન્દી સિનેમાના ટોચના ગાયકોમાંના એક છે, જેમણે તેમના કરિયરમાં ઘણા મહાન ગીતોને પોતાનો અવાજ આપ્યો છે. તેમની પાસે મોટી સંખ્યામાં ચાહકો છે. ૨૦૧૧ માં, અમેરિકાએ વિશ્વના સૌથી મોટા અને સૌથી ભયાનક આતંકવાદી ઓસામા બિન લાદેનના એબોટાબાદ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. ત્યાંથી તેમના કોમ્પ્યુટર જપ્ત કરવામાં આવ્યા હતા, જેમાં ઘણા હિટ બોલિવૂડ ગીતો મળી આવ્યા હતા. ખાસ વાત એ હતી કે આ ગીતો ઉદિત નારાયણ, કુમાર સાનુ અને અલ્કા યાજ્ઞિકના હતા. અલકા યાજ્ઞિક હિન્દી સિનેમાના ટોચના ગાયકોમાંના એક છે એવું કહેવાય છે કે લાદેન અલકા યાજ્ઞિકનો મોટો ચાહક હતો. દરેક ક્ષેત્રમાં રાજકારણ હોય છે, મારા ઘણા ગીતો પણ મારી પાસેથી છીનવી લેવામાં આવ્યા હતા : અલકા યાજ્ઞિક જ્યારે આ વિશે અલકા યાજ્ઞિક સાથે વાત કરવામાં આવી ત્યારે તેમણે ખૂબ જ રમુજી જવાબ આપ્યો. અને કહ્યું કે એ તો બહુ જ સારી બાબત છે. લાદેન ભલે ગમે તેવો હોય, તેમનામાં થોડો કલાકાર તો હશે જ.’ જો તેને મારા



ગીતો ગમ્યા હોય, તો તે સારી વાત છે. તેના જવાબે બધાને આશ્ચર્યચકિત કરી દીધા.જ્યારે એક રિયાલિટી શો દરમિયાન અલ્કા યાજ્ઞિકને કહેવામાં આવ્યું કે લાદેનના કમ્પ્યુટર પર તેના ગીતોનો સંગ્રહ મળી આવ્યો છે, ત્યારે તેણે રમુજી રીતે જવાબ આપ્યો, ‘આમાં મારો શું વાંક છે?’બિન લાદેનના કમ્પ્યુટરમાં ઘણા હિટ ગીતો હતા, જેમાં “અજનબી મુઝકો ઈતના બાતા” (પ્યાર તો હોના હી થા), “દિલ તેરા આશિક” (સલમાન ખાન-માધુરી દીક્ષિત) અને ઉદિત નારાયણનું “તુ ચાંદ હે પૂનમ કા” (જાને તમન્ના)નો સમાવેશ થાય છે. આતંકવાદ સાથે સંકળાયેલા વ્યક્તિને રોમેન્ટિક બોલિવૂડ ગીતો ગમે છે તે જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. આ જ ઈન્ટરવ્યુમાં, અલકા યાજ્ઞિકે જણાવ્યું હતું કે બોલિવૂડમાં રાજકારણને કારણે તેમના ઘણા ગીતો તેમની પાસેથી છીનવી લેવામાં આવ્યા હતા.તેમણે કહ્યું, ‘દરેક ક્ષેત્રમાં રાજકારણ હોય છે. ૨૦૧૧ માં, અમેરિકાએ વિશ્વના સૌથી મોટા અને સૌથી ભયાનક આતંકવાદી ઓસામા બિન લાદેનના એબોટાબાદ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. ત્યાંથી તેમના કોમ્પ્યુટર જપ્ત કરવામાં આવ્યા હતા, જેમાં ઘણા હિટ બોલિવૂડ ગીતો મળી આવ્યા હતા. મારા ઘણા ગીતો પણ મારી પાસેથી છીનવી લેવામાં આવ્યા હતા. મારા એક સમકાલીન ગાયકે મારી સાથે ખૂબ જ ગંદુ રાજકારણ રમ્યું. હું ગીતનું રિહર્સલ કરતો અને પછી ખબર પડતી કે કોઈ બીજાએ તે ગાયું છે. જો કે, આ બધું હોવા છતાં, તેણે ક્યારેય કોઈની સાથે ઝઘડો કર્યો નહીં. તેણે કહ્યું, ‘મને કોઈ ફરક પડ્યો નહીં.’ હું ફક્ત મારું કામ કરીશ અને ઘરે પાછો ફરીશ. મેં હંમેશા મારા દિલથી ગાયું છે.

### બે વર્ષમાં અભિનેત્રી રશ્મિકા મંદાનાની ત્રણ ફિલ્મોએ વર્લ્ડવાઈડ 3300 કરોડની કમાણી કરી

# રશ્મિકા મંદાના બની બોક્સ ઓફિસ ક્વીન દીપિકા પાદુકોણ અને આલિયાને આપી માત

હિન્દી સિનેમામાં છેલ્લા બેવર્ષ દરમિયાન સૌથી વધુ કલેક્શન મેળવનારી ફિલ્મોની યાદીમાંથી ત્રણ ફિલ્મોમાં એક સમાનતા છે. એક ફિલ્મ રીવેન્જ ડ્રામા છે, બીજી પાન ઈન્ડિયા એક્શન ફિલ્મ છે અને તાજેતરમાં હિટ રહેલી ફિલ્મ હિસ્ટોરિકલ ડ્રામા છે. આ ત્રણેય ફિલ્મોની સમાનતા રશ્મિકા મંદાના છે. રશ્મિકાએ ‘એનિમલ’, ‘પુષ્પા ૨’ અને ‘છાવા’ ત્રણેય ફિલ્મમાં લીડ રોલ કરેલા છે અને આ ત્રણેય ફિલ્મોએ બોક્સઓફિસ છલકાવી દીધી છે. રશ્મિકાની ત્રણ ફિલ્મો છેલ્લા ૧૬ મહિનામાં રિલીઝ થઈ છે અને ત્રણેય ફિલ્મે આતિહાસ સર્જ્યો છે. એકંદરે આ ત્રણ ફિલ્મોએ વર્લ્ડવાઈડ બોક્સઓફિસ પર રૂ.૩૩૦૦ કરોડની કમાણી કરી છે. જેમાંથી ૭૦૦ કરોડની કમાણી ધરાવનારી ‘છાવા’ની આગેકૂચ હજુ જારી છે. રશ્મિકાએ તેલુગુ અને કન્નડ ફિલ્મોમાં ઘણું કામ કર્યુ છે અને ત્યાંના ઓડિયન્સ માટે એ સુપરસ્ટાર છે. હિન્દી ફિલ્મોમાં નવી હોવા છતાં રશ્મિકાએ બોક્સઓફિસ પર સફળતાના મામલે દીપિકા અને આલિયા જેવાં બોલિવૂડ સ્ટાર્સને પાછળ રાખી દીધાં છે. ‘એનિમલ’, ‘પુષ્પા ૨’ અને ‘છાવા’એ હિન્દી બેલ્ટમાં પણ કલેક્શનના રેકોર્ડ તોડ્યા છે. ‘પુષ્પા ૨’ને હિન્દીમાં નેટ રૂ.૮૧૨ કરોડ, ‘એનિમલ’ને રૂ.૫૦૩ કરોડ અને ‘છાવા’ને ૫૩૨ કરોડ મળ્યા છે. આ ત્રણેય ફિલ્મોનું ટોટલ કલેક્શન ૧૮૫૦ કરોડ થાય છે, જેના કારણે રશ્મિકાને બોલિવૂડમાં બોક્સઓફિસની ક્વીન કહેવામાં પણ કંઈ ખોટું નથી. પ્રિયંકા ચોપરીએ અમેરિકામાં ઘર વસાવ્યા પછી દીપિકા પાદુકોણને બોલિવૂડ ક્વીન તરીકે ઓળખવામાં આવે છે. કેટરિના કૈફ અને કંગના રણોતે દીપિકાને ટક્કર આપવાનો થોડો પ્રયાસ કર્યો હતો, પરંતુ દીપિકાને હચમચાવી શક્યા ન હોતા. તે પચીની પેઢીમાં આલિયા ભટ્ટ મોખરે છે. આલિયાની જ પેઢીની કહી શકાય તેવી ૨૮ વર્ષની રશ્મિકાએ બે વર્ષમાં જ બોલિવૂડની મોટી હીરોઈનોને ચિંતામાં મૂકી દીધી છે. વર્ષ ૨૦૨૩તી દીપિકાની પાંચ ફિલ્મો રિલીઝ થઈ છે અને તેનું હિન્દી કલેક્શન રૂ.૧૮૦૦ કરોડ છે, જ્યારે આલિયાની ફિલ્મોને આ જ સમયગાળામાં માંડ રૂ.૩૦૦ કરોડની આવક થઈ છે. આલિયા અને દીપિકા સાથે રશ્મિકાની સરખાણી બાબતે કેટલાક બોલિવૂડ ચાહકોનું માનવું છે કે, બ્લોકબસ્ટર સાબિત થયેલી ફિલ્મોમાં રશ્મિકાના ભાગે ખાસ કશું કરવાનું જ ન હોતું. હીરોના કારણે આ ફિલ્મો ચાલી હતી અને તેથી રશ્મિકાએ દીપિકા કે આલિયાને પછડાટ આપી તેમ કહી શકાય નહીં. જો કે બોલિવૂડની મોટાભાગની ફિલ્મો પણ હીરોના નામે જ ચાલતી આવી છે.



# યુસીસી સમિતિના સભ્યોએ વડોદરામાં પ્રબુદ્ધ નાગરિકો, અગ્રણીઓ સાથે પરામર્શ બેઠક યોજી જાણ્યા અભિપ્રાય

### કલેક્ટર કચેરીમાં સભ્ય ગીતાબેન શ્રોફ અને દક્ષેશ ઠાકરે સામાજિક, ધાર્મિક અગ્રણીના મંતવ્યો મેળવ્યા



। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી રચાયેલી સમિતિના બે સભ્યો શ્રીમતી ગીતાબેન શ્રોફ અને શ્રી દક્ષેશ ઠાકરે આજે વડોદરાની મુલાકાત લઇ શહેરના ધાર્મિક, સામાજિક અગ્રણીઓ તથા બુદ્ધિજીવીઓના પ્રતિભાવો મેળવ્યા હતા અને પરામર્શ કર્યો હતો.

ઉક્ત બેઠકના પ્રારંભે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરતા સભ્યશ્રી દક્ષેશ ઠાકરે જણાવ્યું કે, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવા માટે રચારેલી સમિતિ દ્વારા તમામ જિલ્લાઓની મુલાકાત લઇ તમામ સ્ટેક હોલ્ડર્સ સાથે પરામર્શ કરી અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. સાંસ્કૃતિક અને સામાજિક અસ્મિતા જળવાઇ રહે એ માટે સમાન નાગરિક સંહિતામાંથી આદિવાસી સમુદાયને બાકાત રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત સમાન નાગરિક સંહિતા એ કોઇ ધર્મ કે સમાજના રીતરિવાજો બદલવા માટે નથી. રાજ્યમાં લગ્ન નોંધણી, છૂટાછેટા, ભરણપોષણ, લીવ ઈન રિલેશનશીપમાં તમામ માટે એકસરખા કાયદો રહે એ માટે નાગરિકો પાસેથી અભિપ્રાય મેળવવામાં આવી રહ્યા છે. રાજ્યનો કોઈપણ નાગરિક યુસીસી કાયદા માટે યુસીસી કમિટી, કર્મયોગી ભવન, બ્લોક નંબર - ૧, છઠ્ઠા માળ, સેક્ટર ૧૦- એ, ગાંધીનગર ખાતે પત્ર દ્વારા પોતાના વિચારો મંતવ્યો રજૂ કરી શકાશે. આ ઉપરાંત યુસીસી કાયદાના પોર્ટલ http://uccgujarat.in ઉપર પણ પોતાના સૂચન રજૂ કરી શકશે. વડોદરા જિલ્લાના વધુમાં વધુ નાગરિકો આ કાયદા સંબંધે પોતાના મંતવ્ય રજૂ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. સભ્ય શ્રી ગીતાબેન શ્રોફે ઉપસ્થિતો તમામના અભિપ્રાયો જાણી પરામર્શ કર્યો હતો. પ્રારંભે નિવાસી અધિક કલેક્ટર શ્રી બી. એસ. પટેલે સ્વાગત અને આભારવિધિ પુરવઠા અધિકારી શ્રીમતી ગીતાબેન દેસાઈએ કરી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડા, કલેકટર શ્રી અનિલ ધામેલિયા,જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, વિવિધ ધાર્મિક, સામાજિક, સેવાભાવી સંગઠનોના પ્રતિનિધિઓ, પ્રબુદ્ધ નાગરિકો, વિવિધ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના કુલપતિઓ, ડીન હાજર રહ્યા હતા.

### દર્દીઓના અભિપ્રાય લેવામાં આવ્યા, પારનેરા સબ સેન્ટરને ૮૬.૫૯ ટકા અને શેરીમાળને ૮૯.33 ટકા મળ્યા

# વલસાડના પારનેરા અને ધરમપુરનનું શેરીમાળ સબ સેન્ટર આરોગ્ય ક્ષેત્રે નેશનલ લેવલે ક્વોલિફાઈડ થયું



। (માહિતી) વલસાડ, તા.૧૮ ।

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વલસાડ તાલુકાના હરિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના પારનેરા પેટા આરોગ્ય કેન્દ્ર (આયુષ્યમાન આરોગ્ય મંદિર) અને ધરમપુરના સિદુમ્બર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના શેરીમાળ સબ સેન્ટરને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (એનક્યુએએસ) એટલે કે, રાષ્ટ્રીય ગુણવત્તાની ખાતરી ધોરણોનું રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

જે બદલ રાષ્ટ્રીય સ્તરે વલસાડ જિલ્લાને ગૌરવ પ્રદાન થયું છે. ગત ફેબ્રુઆરી માસ દરમિયાન રાષ્ટ્રીય સ્તરની ટીમ આરોગ્ય ક્ષેત્રે વિવિધ માપદંડોના મૂલ્યાંકન માટે વલસાડ આવી હતી. જેમાં વલસાડ તાલુકાના પારનેરા ગામના આયુષ્યમાન આરોગ્ય મંદિરમાં વિવિધ સર્વિસ પેકેજ જેવા કે, સગર્ભા માતાની પ્રસુતિ, પ્રસુતિ પછીની સારસંભાળ, નવજાત શિશુ અને ૧ વર્ષથી નાના બાળકના આરોગ્યની સંભાળ, રસીકરણ સહિત બાળ સંભાળ અને કિશોર કિશોરીઓને લગતી પુરતી આરોગ્ય સેવા, કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ તેમજ તેને સંલગ્ન આરોગ્ય સેવાઓ, સામાન્ય બિમારીઓના ઉપચાર, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સઘન સંચાલન જેમાં સંચારી રોગચાળા સંબંધિત પ્રોગ્રામ અમલીકરણ, ડાયાબીટીસ, હાયપર ટેન્શન, કેન્સર જેવા નોન કોમ્યુનિકેબલ રોગોનું નિદાન અને સારવાર, આંખ, કાન, નાક તથા ગળાને લગતી બિમારી અને રોગોનું સ્ક્રીનીંગ નિદાન તેમજ સારવાર, દાંતના આરોગ્યને સંબંધિત સેવાઓ, માનસિક આરોગ્યને લગતી બિમારીઓનું નિદાન તેમજ સારવાર, વધુ વય ધરાવતા વ્યકિતઓ માટે ઉંમર સંલગ્ન સારવાર તેમજ ઈમરજન્સી સેવાઓ સાથે સાથે કાર્યક્રમો તથા જનરલ એડમિનિસ્ટ્રેશન, ફાઈનાન્સને લગતી વિવિધ બાબતો તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓનું ચેકિંગ રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ દર્દીને કેવી રીતે સારવાર આપવામાં આવે છે, દર્દીને સરકારી સેવાથી સંતોષ છે કે કેમ, અધિકારી અને કર્મચારીઓનું આરોગ્યલક્ષી જ્ઞાન, સરકારના નિયમ મુજબ રેકર્ડ ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી કર્યા બાદ વલસાડ તાલુકાના પારનેરા- ૨ પેટા આરોગ્ય કેન્દ્રને ૮૬.૫૯ ટકા અને ધરમપુરના શેરીમાળ આયુષ્યમાન આરોગ્ય મંદિરને ૮૯.૩૩ ટકા સાથે એન.ક્યુ.એ.એસ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ સન્માન બદલ ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એ.કે.સિંઘ તેમજ સમગ્ર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કર્મીઓને અભિનંદન પાઠવ્યામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પારનેરા અને શેરીમાળના બે સબ સેન્ટર સાથે જિલ્લામાં કુલ ૨૫ સબ સબેન્ટર, ૧૧ પીએચસી અને ૧ સીએચસીને રાષ્ટ્રીય કક્ષાનું એનક્યુએએસ પ્રમાણપત્ર મળતા વલસાડ જિલ્લામાં આરોગ્ય સેવા વધુ સુદઢ બની છે.

# રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વલસાડ કોળી પટેલ સમાજ દ્વારા યુનિટી મેરાથોન યોજાઈ



। (માહિતી) વલસાડ, તા.૧૮ ।

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિ મંડળ દ્વારા સુવર્ણજયંતિ (૫૦ વર્ષ) નિમિત્તે **run for health and environmen** થીમ સાથે વલસાડ યુનિટી મેરાથોન એડિશન- ૨ નું તિથલના સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, મંત્રીશ્રીએ લીલી ઝંડી આપી દોડવીરોને પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં ૭૫૦ જેટલા રનર્સ અને ૧૦૦ જેટલા વોલેન્ટીયર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો.કરણરાજ વાઘેલા, વલસાડ તાલુકા સંગઠન પ્રમુખ તેજસ પટેલ, તાલુકા પંચાયત સભ્ય વિપુલ પટેલ તેમજ ભીડભંજન મહાદેવનાં ટ્રસ્ટી શિવજી મહારાજ ઉપસ્થિત રહ્યાં હતાં. આ તબક્કે વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે આગામી સિઝન- ૩ મેરેથોન નવેમ્બર ૨૦૨૫માં યોજાશે એવી જાહેરાત પણ કરી છે. વલસાડના ધારાસભ્યશ્રી તેમજ સમાજનાં પ્રમુખશ્રી ભરતભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ તેમજ કારોબારી સભ્ય તેમજ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર યોગેશ પટેલ, રેસ ડિરેક્ટર નિતેશ પટેલ, સમાજનાં ઉપપ્રમુખ શશી પટેલ, મંત્રી રામુ પટેલ, સહમંત્રી રોહિત પટેલ, ખજાનચી ચંદુ પટેલ, દિપક પટેલ, આશિષ પટેલ, ધર્મેશ પટેલ, પંકજ પટેલ, સુનિલ પટેલ, બંકિમ પટેલ, રશ્મી પટેલ, સતીશ પટેલ, જિગિત્સાબેન તેમજ તમામ કારોબારી સભ્ય દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતનાં સભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ તિથલ, સેગવી અને નનકવાડા ગામનાં સરપંચશ્રીઓ અને વલસાડનાં નામાંકિત ડોક્ટરો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર યોગેશ પટેલે તમામ રનર્સ, સ્પોનસર્સ, વિવિધ સંસ્થાઓ અને સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સુરતના ડિંડોલી ખાતે 'ઉમાપુરમ્ દશાબ્દિ મહોત્સવ'માં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



। (માહિતી) સુરત, તા.૧૮ ।

સુરતના ડિંડોલી ખાતે ઉમિયા માતાજીના મંદિરને ૧૦ વર્ષ પૂર્ણ થતાં શ્રી ઉમિયા માતાજી મંદિર સંસ્થાન-ડિંડોલી દ્વારા તા.૧૭ થી ૨૦ માર્ચ દરમિયાન આયોજિત ઉમાપુરમ્ દશાબ્દિ મહોત્સવમાં પ્રથમ દિને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઉમિયા માતાજીના મંદિરમાં ઉમિયા માના દર્શન અને પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ મા ઉમિયાના ચરણોમાં શીશ ઝૂકાવી સમગ્ર રાજ્ય-દેશના નાગરિકોના સ્વાસ્થ્ય, સુખાકારીની મંગલ કામના કરી હતી. શક્તિ ઉપાસનાને ઉજાગર કરતા ઉમિયા માતા મંદિરને ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. આ દશમા વાર્ષિક પાટોત્સવને દશાબ્દિ મહોત્સવ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે મુખ્યમંત્રીશ્રીએ મહોત્સવના આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, દશાબ્દિ મહોત્સવ એ ઉમાપુરમના ભવ્ય ભૂતકાળને વાગોળવાનો, દિવ્ય વર્તમાનને માણવાનો અને ઉજ્જવળ ભવિષ્ય માટે નવ્ય સંકલ્પ કરવાનો ઉત્સવ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સંસ્થાએ સર્વ સમાજ અને વર્ગો માટે વિવિધ સેવાકાર્યો, ધર્મકાર્યો થકી સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સરકારની 'સૌના સાથ અને સૌના વિકાસ'ની ભાવના પાટીદાર સમાજ મૂર્તિમંત કરી રહ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પાટીદાર સમાજ જમીનમાં પાટુ મારી પાણી કાઢનારો અને સૌને સાથે રાખીને આગળ વધનારો સમાજ છે. પરિશ્રમથી અર્જિત કરેલી લક્ષ્મી સમાજના ઉત્કર્ષ માટે ઉપયોગ કરવાની ભાવના પાટીદાર સમાજના શ્રેષ્ઠીઓની રહી છે.

# સાણંદના સામાજિક કાર્યકર અને 'માનવ સેવા ટ્રસ્ટ'ના શ્રી મનુભાઈ બારોટની ઉત્કૃષ્ટ કામગીરીને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ બિરદાવી



। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

રાજ્ય સરકાર વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી અનેક સંસ્થાઓની ઉત્કૃષ્ટ કામગીરીને હંમેશા બિરદાવતી આવી છે, ત્યારે વનીકરણ અને વૃક્ષારોપણમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર 'માનવ સેવા ટ્રસ્ટ'ના શ્રી મનુભાઈ બારોટ તેમજ અન્ય સંસ્થાના પ્રતિનિધિશ્રીઓને વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે મોમેન્ટો આપીને બિરદાવામાં આવ્યા હતા. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ તેમજ પ્રવાસનમંત્રી શ્રી મુળુભાઈ બેરા, મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છેકે, 'માનવ સેવા ટ્રસ્ટ' અનેક પ્રકારના સામાજિક જવાબદારીના પણ કાર્યો કરે છે જેમ કે, પર્યાવરણ જાગૃત્તિ અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન અને ફૂલો આપી સ્વચ્છતા સંદર્ભે જાગૃતિ લાવવાનો, દીકરીના જન્મને બિરદાવવા સરપંચના સહકારથી ઢોલ વગાડવો અને ફટાકડા ફોડવા તથા કુપોષિત બાળકોને કુપોષણમાં થી મુક્ત કરવા માટે પૌષ્ટિક આહાર અને હેલ્થ ચેકઅપનું આયોજન કરવું, માતા મરણ અને બાળ



મરણ અટકાવવા મચ્છરગસ્ત વિસ્તારમાં સગર્ભા બહેનોને દવાયુક્ત મચ્છરદાની આપવી, પ્રાથમિક શાળાઓમાં દીકરીઓના ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા દર વર્ષે ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ વગેરે નાની મોટી અનેક પ્રવૃત્તિ કરે છે. 'માનવ સેવા ટ્રસ્ટ' સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિને ધ્યાને લઈ ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૫માં શ્રેષ્ઠ સંસ્થાનો મહાત્માગાંધી એવોર્ડ એનાયત કર્યો હતો.

આ અવસરે વનીકરણ અને વૃક્ષારોપણમાં ઉત્કૃષ્ટ કામગીરી કરતી સંસ્થાના પ્રતિનિધિશ્રીઓને વિધાનસભા અધ્યક્ષશ્રી સાથે મુલાકાત પણ કરી હતી તેમજ સૌને વિધાનસભા કામગીરી નિહાળવાનો અવસર પણ પ્રાપ્ત થયો હતો.

# સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત થીમ અન્વયે અનોખી પહેલ સાથે સાયકલ રેલી યોજી સી.આઈ.એસ.એફ. દિવસની કરવામાં આવેલી ઉજવણી

### સી આઈ એસ એફની સાઇકલ રેલી જંબુસર તાલુકના કારેલી ગામે આવી પહોંચતા ડી.કે.સ્વામી દ્વારા સ્વાગત કરાયું

। (માહિતી) સુરત, તા.૧૮ ।

ભારતના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સને ૧૦ માર્ચના રોજ ૫૬ વર્ષ પૂર્ણ થતાં એક નવી પહેલ સાથે સી.આઈ.એસ.એફ. દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" થીમ અન્વયે સાયકલ રેલીનો ૭મી માર્ચના રોજ ભારત સરકારના ગૃહ મંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિત શાહ દ્વારા વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો. જેમાં એક ગ્રુપ જે ગુજરાતના કચ્છ લખપતથી અને બીજું ગ્રુપ જે પશ્ચિમ બંગાળના બખ્ખાલી થી કુલ ૧૨૫ સીઆઈએફ ના કર્મચારીઓ જેમાં ૧૪ સાહસીક મહિલાઓએ ભાગ લીધો છે. જે અંદાજિત ૬૫૩૫ કિલોમીટર ભારતના દરિયાઈ કિનારાના વિસ્તારનું અંતર કાપશે. લખપતથી નીકળેલા ૭૫ સીઆઈએસએફ કર્મચારીઓ જેમાં ચાર સાહસીક મહિલાઓ તા.૧૬મી માર્ચના રોજ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કારેલી ગામે સાયકલ યાત્રિકો આવી પહોંચતા ધારાસભ્યશ્રી ડી કે સ્વામી દ્વારા ભવ્ય સ્વાગત સાથે પુષ્પમાળા પહેરાવી સન્માન કર્યું હતું. ઢોલ નગારા સાથે સાઈકલ વીરોને દાંડી યાત્રી નિવાસ કારેલી ખાતે લઈ જવામાં આવ્યા, ગ્રામજનો નાની બાળો દ્વારા પુષ્પવર્ષા દ્વારા સ્વાગત કરાયું હતું. ત્યારબાદ પ્રાથમિક શાળા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કંબોઈ અધિષ્ઠાતા વિદ્યાનંદજી મહારાજ, સીઆઈએસએફ કમાન્ડર કૃતિકા નેગી, ઉપ કમાન્ડર વી.એસ. પ્રતિહાર, મામલતદાર જંબુસર, તાલુકા પંચાયત પ્રમુખ નીતિનભાઈ પટેલ, આગેવાન પદાધિકારી સવશ્રીઓ બળવંતસિંહ પઢિયાર, ચંદ્રકાંતભાઈ પટેલ, સહિત સરપંચ કારેલી, પીલુદરા, અગ્રણીઓ, સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તારીખઃ ૧૭મી માર્ચના રોજ વહેલી સવારે સાઈકલયાત્રા કારેલી



થી નીકળી જંબુસર સરકીટ હાઉસ થઈ નાહીયેર ગુરૂકુલ ખાતે આવી પહોંચી હતી જયાં શાળાના વિધાર્થીઓ ધ્વારા સાયકલ યાત્રિકોનું ભવ્ય સ્વાગત કરાયું હતું ત્યાંથી સાયકલ યાત્રા આગળ વધતાં અસ્મિતા વિકાસ કેન્દ્ર –ત્રાલસા ખાતે સાયકલ યાત્રા આવી પહોંચી હતી. ત્યાં અસ્મિતા વિકાસ કેન્દ્ર – ત્રાલસાના મનોદિવ્યાંગ બાળકોએ પુષ્પવર્ષા કરી સાયકલ યાત્રિકોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ત્યાથી ભરૂચમાં એબીસી સર્કલથી એન્ટર થઈ નર્મદા નદીના કીનારે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. આગળ વધતા આ સાઈકલયાત્રા કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ - અંકલેશ્વર" ખાતે પહોચી હતી. તેમણે ત્યાં વૃક્ષો વાવી ગ્રીન –ઈન્ડીયાની હીમાયત પણ કરી હતી. અંતે, તુલસી સ્કેવર અંકલેશ્વરમાં શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં નગરજનો અને પદાધિકારીઓએ તેઓનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહ્યા હતા. આ યાત્રા અંકલેશ્વરથી વિદાઈ લઈ હાંસોટ થઈ સુરત જવા રવાના થઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ સાયકલ રેલીના બે પ્રારંભિક બિંદુઓ ગુજરાતના લખપત અને પશ્ચિમ બંગાળના બક્કાલીથી શરૂ કરીને કન્યાકુમારી સુધી અંદાજે તટીય વિસ્તારનું આશરે ૬૫૩૫ કિ.મી.નું અંતર કાપવામાં આવશે. જેમાં અનેક પડકારોનો સામના સાથે ૧૪ મહિલાઓ સહિત કુલ ૧૨૫ સી.આઈ.એસ.એફ.ના જવાનો ૨૫ દિવસની યાત્રા કરશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે પોતાના પૈસા વ્યર્થ કામમાં વાપરવાનું ટાળજો અને કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરાવશો. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. પ્રિયપાત્ર સાથે કૅન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે- આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે આઉટડૉર રમતો રમી શકો તેવા પ્રયાસ કરજો અથવાતો સવારે ધ્યાન તથા યોગ તમારી શારીરિક અને માનસિક સ્થિતિમાં લાભ લાવશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો?

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કરેલ વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદશ્ય થઈ જશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે કામમાંથી થોડો વિરામ લઈને આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. કામના સ્થળે જો તમે વધુ પડતા ઉતાવળા કે ઉત્સાહી બનશો તો ગુસ્સાનું વર્ચસ્વ વધશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે.

**તુલા (ર,ત) :**

રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. કારકિર્દીના સારી તક માટે કરાયેલી મુસાફરી કદાચ સાકાર થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. આજે જો તમે કોઈને સલાહ આપશો-તો તે મેળવવા માટેની તૈયારી પણ રાખજો. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

**મકર (ખ,જ) :**

આજથી રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જીવનસાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારો ભાગીદાર સહકાર પૂર્ણ તથા મદદરૂપ હશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો.





નવી દિલ્હીમાં દ્વિપક્ષીય બેઠક દરમિયાન નેધરલેન્ડના રક્ષામંત્રી રુબેન બ્રેકેલમેન્સએ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી.

## ન્યૂઝ બ્રિફ

### સીઝફાયર સમાપ્તઃ અડધો જ કલાકમાં ગાઝા પર ઈઝરાયલની ૩૫ એરસ્ટ્રાઈક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઈઝરાયલે સીઝફાયર તોડીને ફરી ગાઝાપટ્ટી પર હુમલા શરૂ કર્યા છે. જેમાં પેલેસ્ટાઈનના ૧૦૦ વધુ લોકોના મોત થયાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે. નોંધનીય છે કે આશરે એક મહિના અગાઉ ઈઝરાયલ અને હમાસ વચ્ચે સંઘર્ષ વિરામની જાહેરાત કરાઈ હતી. જોકે ઈઝરાયલે ફરી હુમલા કરતાં નાગરિકોમાં ભયનો માહોલ છે. નોંધનીય છે કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે આશરે ૧૫ મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે. સોમવારે ઈઝરાયલની સેનાએ અચાનક જ ગાઝામાં એરસ્ટ્રાઈક શરૂ કરી. સ્થાનિક મીડિયા અહેવાલોના દાવા અનુસાર ૧૦૦થી વધુના મોત થયા છે જ્યારે મોટી સંખ્યામાં લોકો ઈજાગ્રસ્ત છે. ઈઝરાયલના વડાપ્રધાનના કાર્યાલય તરફથી જાણકારી આપવામાં આવી છે કે અમેરિકાએ સંઘર્ષ વિરામ આગળ વધારવા માટે અમેરિકા તરફથી પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો જે હમાસે અસ્વીકાર કર્યો.

### દર વર્ષે પગાર અને પેન્શન, વ્યાજ પાછળ સરકારને ૧.૧૩ લાખ કરોડનો ખર્ચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૫-૨૬ માટેના વાર્ષિક બજેટનું કુલ કદ રૂપિયા ૩,૭૦,૨૫૦ કરોડ છે. કોઈપણ સરકારના વાર્ષિક બજેટમાં (૧) મહેસૂલી આવકો-મૂડી આવક અને (૨) મહેસૂલી ખર્ચ-મૂડી ખર્ચનો સમાવેશ કરાતો હોય છે. અહીં નોંધનીય બાબત એ છે કે, આ બજેટમાંથી ગુજરાત સરકાર રૂપિયા ૧,૧૩,૨૦૬ કરોડ તો માત્ર કર્મચારીઓ-અધિકારીઓના વાર્ષિક પગાર, નિવૃત્ત કર્મીઓ-નિવૃત્ત અધિકારીઓના પેન્શન અને સરકાર દ્વારા કરાયેલા કુલ દેવા પરના વાર્ષિક વ્યાજપેટે ચૂકવશે. વર્ષ ૨૦૨૫-૦૨૬માં ગુજરાત સરકારની મુખ્ય આવક સમી મહેસૂલી આવક રૂ. ૨,૫૧,૫૫૩ કરોડ થવાની છે. તેના ૪૫ ટકા જેટલી રકમ તો, આ (પગાર, પેન્શન, વ્યાજ)ની ફરજિયાત ચૂકવણી પાછળ ખર્ચાશે અર્થાત મહેસૂલી આવકની માત્ર ૫૫ ટકા રકમ જ સરકારના અન્ય બજેટ માટે ખર્ચાશે.

### દિલ્હીમાં કોમ્યુનિકેશન માટે હિન્દી ખૂબ જ જરૂરી : ચંદ્રબાબુ નાયડુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

તમિલનાડુમાં ચાલી રહેલા ભાષા વિવાદની વચ્ચે આંધ્ર પ્રદેશના મુખ્યપ્રધાન અને ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ એમ કે સ્ટાલિનને મોટો આંચકો આપતા જણાવ્યું છે કે હિંદી ભાષાથી નફરત કરવી જોઈએ નહીં. સીએમએ જણાવ્યું છે કે જે લોકો પોતાની માતૃભાષામાં ભણે છે, તે સમગ્ર વિશ્વમાં સારુ પ્રદર્શન કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે સામાન્ય ધારણા છે કે જ્ઞાન ફક્ત અંગ્રેજીથી જ આવે છે જો કે આ વાત સાચી નથી. અમરાવતીમાં વિધાનસભાને સંબોધિત કરતા નાયડુએ જણાવ્યું હતું કે ભાષા ફક્ત કોમ્યુનિકેશન માટે હોય છે. જ્ઞાન ભાષાથી આવશે નહીં. જે લોકો પોતાની માતૃભાષામાં ભણે છે તે સમગ્ર વિશ્વમાં સારું પ્રદર્શન કરી રહ્યાં છે.

### આંધ્રમાં સૌથી વધુ ફોજદારી કેસ

# ૧૮૬૧ MLA સામે કેસ, ૧૨૦૫ સામે હત્યા સહિતના ગુના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)એ દેશભરના રાજ્ય વિધાનસભાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વર્તમાન ધારાસભ્યોના સોગંદનામાનું વિશ્લેષણ કર્યું છે. જેમાં જાણવા મળ્યું છે કે ૧૮૬૧ ધારાસભ્યોએ પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. ઈલેક્શન મોનિટરિંગ એજન્સીએ ૨૮ રાજ્યની વિધાનસભાઓ અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૧૨૩ ધારાસભ્યોમાંથી કુલ ૪૦૯૨ ધારાસભ્યોના સોગંદનામાઓનું વિશ્લેષણ કર્યું છે. ૨૪ ધારાસભ્યોના સોગંદનામાનું વિશ્લેષણ કરવામાં આવ્યું નથી કારણ કે તેમના




સોગંદનામા ખરાબ રીતે સ્કેન કરવામાં આવ્યા હતા અથવા વાંચી શકાય તેવા ન હતા. જ્યારે હાલમાં રાજ્ય વિધાનસભાઓમાં ૭ બેઠકો ખાલી છે. ADRના અહેવાલ મુજબ ૪૦૯૨ ધારાસભ્યોમાંથી ૧૮૬૧ એટલે કે ૪૫ ટકા ધારાસભ્યોએ પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. ૧૨૦૫ એટલે કે ૨૯ ટકા એવા ધારાસભ્યો છે જેમની સામે હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, મહિલાઓ વિરુદ્ધ ગુના જેવા ગંભીર કેસ નોંધાયેલા છે.આંધ્રપ્રદેશમાં ફોજદારી કેસ ધરાવતા વર્તમાન ધારાસભ્યોની સંખ્યા સૌથી વધુ છે. અહીં ૧૭૪ ધારાસભ્યોમાંથી ૧૩૮ એટલે કે ૭૮ ટકા, કેરળના ૧૩૪ ધારાસભ્યોમાંથી ૯૩ એટલે કે ૬૯ ટકા, તેલંગાણાના ૧૧૯ ધારાસભ્યોમાંથી ૮૨ એટલે કે ૬૯ ટકા, બિહારના ૨૪૧ ધારાસભ્યોમાંથી ૧૫૮ એટલે કે ૬૬ ટકા, મહારાષ્ટ્રના ૨૮૬ ધારાસભ્યોમાંથી ૧૮૭ એટલે કે ૬૫ ટકા અને તમિલનાડુના ૨૨૪ ધારાસભ્યોમાંથી ૧૩૨ એટલે કે ૫૯ ટકાએ સોગંદનામામાં પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. પાર્ટી મુજબ ફોજદારી કેસની યાદીમાં ભાજપના ૧૬૫૩ ધારાસભ્યોમાંથી ૬૩૮ એટલે કે ૩૯ ટકા, કોંગ્રેસના ૬૪૬ ધારાસભ્યોમાંથી ૩૩૯ એટલે કે ૫૨ ટકા, ટીડીપીના ૧૩૪ ધારાસભ્યોમાંથી ૧૧૫ એટલે કે ૮૬ ટકા, ડીએમકેના ૧૩૨ ધારાસભ્યોમાંથી ૯૮ એટલે કે ૭૪ ટકા, એઆઈટીસીના ૨૩૦ ધારાસભ્યોમાંથી ૯૫ એટલે કે ૪૧ ટકા, આપના ૧૨૪ ધારાસભ્યોમાંથી ૬૯ એટલે કે ૫૬ ટકા અને સપાના ૧૧૦ ધારાસભ્યોમાંથી ૬૮ એટલે કે ૬૨ ટકા ધારાસભ્યોનો સમાવેશ થાય છે.

# મસૂદ લૂટારો હતો, સંભલમાં તેના નામે મેળો નહીં યોજાયઃ પોલીસ

। (એજન્સી) સંભલ, તા.૧૮ ।

યુપીનું સંભલ એક પછી અન્ય કારણોસર ચર્ચામાં આવી રહ્યું છે. મુસ્લિમોને હોળીના દિવસે નમાજ ઘરમાં જ બેસીને અદા કરવાની સલાહ આપનાર સીઓ અનુજ ચૌધરી વાયરલ થયા છે. સંભલમાં સાલાર મસૂદ ગાઝીના નામે દર વર્ષે યોજાતો મેળો આ વર્ષે નહિ યોજાય. વહીવટીતંત્રે મેળો યોજવા દેવાનો ઈનકાર કરી દીધો છે. આ અંગે યોજાયેલી એક મીટિંગમાં એક એએસઆઈ કેટલાક લોકોને એવું કહેતા દેખાય છે કે સાલાર મસૂદ ગાઝી લૂટેરો હતો. તેના નામે હવે મેળો નહિ યોજાય.એટલું જ નહિ એએસઆઈ શ્રીશચંદ્ર એવી ચેતવણી પણ આપી રહ્યા છે કે કોઈ તે લૂટેરાના નામે કંઈ પણ કરવાનો પ્રયાસ કરે તો આકરી કાર્યવાહી કરવામાં આવશે. સંભલમાં દર વર્ષે હોળી યોજવામાં આવે છે. આ વર્ષે ૨૫થી ૨૭ માર્ચ સુધી ત્રણ દિવસ સુધી મેળા યોજવાની તૈયારી થઈ રહી હતી. મેળાની અનુમતિ મામલે જ કેટલાક લોકો આયોજન કમિટીના કેટલાક લોકો પોલીસ અધિકારી શ્રીશચંદ્રને મળવા પહોંચ્યા હતા. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે લુટેરા સૈયદ સલાર મસૂદ ગાઝીના નામે મેળાનું આયોજન નહિ થયા દઈએ. ઈતિહાસ સાક્ષી છે કે તે મહેમૂદ ગઝનવીનો સેનાપતિ હતો.

### કોર્ટનો આદેશ આવે તે પહેલાં જ બે વિમાન ઉડાન ભરી ચૂક્યા હતા

# કોર્ટના સ્ટે છતાં ટ્રમ્પે વેનેઝુએલાના ૨૬૧ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કર્યા હતા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ જ એક્ટિવ છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ઈમિગ્રન્ટ્સ પર તેમનું ખાસ ધ્યાન છે. ભારત સહિત ઘણા દેશો પછી વેનેઝુએલાની એક ગેંગ તેમની રડારમાં આવી છે. યુએસ ફેડરલ જજે દેશનિકાલ પર કામચલાઉ રોક લગાવવાનો આદેશ આપ્યા પછી પણ ટ્રમ્પ વહીવટીતંત્રે વેનેઝુએલાના સેંકડો નાગરિકોને ડિપોર્ટ કરીને અલ સાલ્વાડોર મોકલી દીધા છે. જો કે, ટ્રમ્પના અધિકારીઓનું કહેવું છે કે, કોર્ટનો આદેશ આવે તે પહેલાં જ વિમાન રવાના થઈ ચૂક્યું હતું. મહત્વનું છે કે, અમેરિકાએ 'એલિયન એનિમી એક્ટ' હેઠળ



આ કાર્યવાહી કરી છે, જેમાં ઈમિગ્રન્ટ્સને ડ્રગ્સ વેચતી ગેંગના સભ્યો ગણાવ્યા છે. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ જેમ્સ ઈ. બોસબર્ગે દેશનિકાલ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો હતો, પરંતુ સરકારી વકીલોએ તેમને હતું કે, પહેલાથી જ ઈમિગ્રન્ટ્સને લઈને એક વિમાન અલ સાલ્વાડોર અને બીજું વિમાન હોન્ડુરાસ તરફ ઉડાન ભરી ચૂક્યું હતું. બોસબર્ગે મૌખિક રીતે વિમાનોને પરત આવવાનો આદેશ આપ્યો હતો પરંતુ લેખિત આદેશમાં આ નિર્દેશનો સમાવેશ કર્યો ન હતો.અલ સાલ્વાડોરના રાષ્ટ્રપ્રમુખ નાયબ બુકેલેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે વેનેઝુએલાના ગેંગ 'ટ્રેન ડી અરાગુઆ'ના ૨૩૮ સભ્યો અને આંતરરાષ્ટ્રીય ગેંગ MS-13ના ૨૩ સભ્યો અહીં પહોંચ્યા હતા. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે રવિવારે જણાવ્યું હતું કે વહીવટીતંત્રે કોર્ટના કોઈપણ આદેશોની અવગણના કરી નથી. આ આદેશ કાયદેસર રીતે પાયાવિહોણો છે અને તે જારી કરવામાં આવ્યો ત્યાં સુધીમાં શંકાસ્પદ આતંકવાદીઓને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી દૂર કરી દેવામાં આવ્યા હતા.

### કૌભાંડમાં સામેલ અનેક ગઠિયાઓને અટકાયતમાં લીધા

# ડિજિટલ અરેસ્ટ : મુંબઈની વૃદ્ધાએ રૂપિયા ૨૦.૨૫ કરોડ ગુમાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

તમે ડિજિટલ અરેસ્ટના ઘણા કિસ્સાઓ સાંભળ્યા હશે. પરંતુ મુંબઈનો એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેણે બધાને ચોંકાવી દીધા છે. અહીં ૮૬ વર્ષીય વૃદ્ધ મહિલા સાયબર ક્રાઈમ અને ડિજિટલ અરેસ્ટ સ્કેમનો ભોગ બન્યા છે. આધાર કાર્ડના દુરુપયોગ અંગે ફોન કરીને ગઠિયાઓએ તેમની પાસેથી રૂ.૨૦ કરોડ પડાવ્યા હતા. પોલીસ અધિકારી તરીકેની ઓળખ આપીને ગઠિયાઓએ વૃદ્ધાને આધાર કાર્ડનો ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે દુરુપયોગ થઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું અને કેસ રફેદફે કરવા માટે તેમને અનેક બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું.



૨૬ ડિસેમ્બર ૨૦૨૪ થી ૩ માર્ચ ૨૦૨૫ દરમિયાન ગઠિયાઓએ વૃદ્ધા પાસેથી ?૨૦.૨૫ કરોડ પડાવ્યા હતાં. આ સમગ્ર કૌભાંડની વિગતો એવી છે કે, પોલીસ તરીકેની ઓળખ આપનારે વૃદ્ધાને કહ્યું હતું કે, તેમના આધાર કાર્ડ અને તેમની અન્ય પર્સનલ માહિતીનો ઉપયોગ ભારતમાં નવું બેંક ખાતું ખોલવા માટે કરવામાં આવ્યો છે અને સંબંધિત ખાતાનો ઉપયોગ મની લોન્ડરિંગ સહિત અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંબંધિત નાણાં ટ્રાન્સફર શરૂ કરવા માટે થઈ રહ્યો છે. ત્યારબાદ ગઠિયાઓએ પ્લાન મુજબ વૃદ્ધાને ધમકી આપવાનું શરુ કર્યું અને જણાવ્યું કે, તેમની સામે કાનૂની કાર્યવાહી કરાશે. આ સાથે જ એવું પણ કહ્યું હતું કે, આ કેસમાં તેમનું અને તેમની પુત્રી સહિત તેમના પરિવારના સભ્યો નામ પણ સામેલ કરાશે. આમાંથી બહાર નીકળવા તેમને અનેક બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. એટલું જ નહીં, કેસ ના પતે ત્યાં સુધી વૃદ્ધાને 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રહેવાની સૂચના આપી હતી. જેથી વૃદ્ધા આની માહિતી કોઈને શેર કરી શક્યા નહીં.

### પાકિસ્તાનમાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ

# જુદા જુદા બળવાખોર સંગઠનોએ હાથ મિલાવતા પાક.ના ટુકડા થવાનું જોખમ

**સંરક્ષણ બાબતોના નિષ્ણાતોનું માનવુ છે કે પાક. સેના પર સતત થઇ રહેલા હુમલાથી સ્પષ્ટ થાય છે કે પાક. સેનાના કાફલા સુરક્ષિત નથી**

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૮ ।

પાકિસ્તાનમાં જાફર એક્સપ્રેસ હાઈજેકની ઘટના બાદ ગૃહયુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ટ્રેન હાઈજેક કરનારી બલોચ લિબરેશન આર્મી (બીએલએ)એ પાક.ની સરકારને ચેતવણી આપી હતી જોકે તેના પર વડાપ્રધાન શહબાઝ શરીફે ધ્યાન ના આપ્યું, હવે આ ટ્રેન હાઈજેકને અંજામ આપનારી બલોચ આર્મીએ એવો પ્લાન ઘડયો છે કે જેનાથી પાક.ના ટુકડા થઈ શકે છે અને તેને પાક. સેના કે વડાપ્રધાન શરીફ પણ નહી રોકી શકે. ઝાફર એક્સપ્રેસને હાઈજેક કર્યા બાદ બળવાખોરોએ પાક. સરકાર સમક્ષ માગણી રાખી હતી અને બલોચ નેતાઓ, એક્ટિવિસ્ટ્સ, પત્રકાર વગેરેને ૪૮ કલાકમાં છોડવામાં આવે નહીં તો બંધક સૈનિકોને ઠાર મારવામાં આવશે. આ માગણીઓનો સ્વીકાર ના થતા પાક. સેનાના ૨૦૦થી વધુ સૈનિકોને બળવાખોરોએ ઠાર કર્યા હતા. હાઈજેક અને સૈનિકોને છોડાવવામાં પાક. સરકારની નિષ્ફળતા અને નબળાઈ સામે આવી છે. આ સમગ્ર ઘટનાક્રમમાં બલોચ આર્મી સફળ રહી હતી જેને પગલે હવે પાક.ના અન્ય પાંતો સુધી આ બળવાની આગ પહોંચી રહી છે. બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ, બલોચ રિપબ્લિકન ગાર્ડ્સ સહિતના બલુચિસ્તાનના બળવાખોર સંગઠનોએ હાથ મિલાવી લીધા છે. હવે તેમાં સિંધની વિદ્રોહી સેના સિંધદેશ રિવોલ્યૂશનરી આર્મી સામેલ થઈ હોવાના અહેવાલો છે. જેને કારણે માત્ર પાકિસ્તાન જ નહીં ચીનમાં પણ હલચલ તેજ થઈ ગઈ છે. બીજી તરફ અફઘાનિસ્તાન હાલ પાક.માં બળવો કરનારાઓને ખુલ્લુ સમર્થન આપી રહ્યું છે, એટલુ જ નહીં તેમને હુમલા વગેરે માટે તૈયાર કરવા તાલિમ પણ આપી રહ્યું છે. આ માહિતી પાકિસ્તાને જ આપી હતી. ગત શુક્રવારે ખૈબર પ્રાંતમાં દક્ષિણી વજીરિસ્તાનમાં એક મસ્જિદ પર હુમલો થયો હતો.

### આ વર્ષે ભારતમાં ૧,૪૦૦ લોકોમોટિવ્સનું ઉત્પાદન થયું છે

# ભારતીય રેલવેની આર્થિક સ્થિતિ સારી, મુસાફરોને વધુ સબસિડી આપે છે : કેન્દ્રીય રેલવે મંત્રી

। નવીદિલ્હી, તા.૧૮ ।

કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યસભામાં રેલવે મંત્રાલયની કામગીરી પર ચર્ચા દરમિયાન ભારતીય રેલવેની ઉપલબ્ધિઓ અને તેની ભવિષ્યની યોજનાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે ભારતીય રેલવે મુસાફરોને સસ્તા ભાડામાં સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રદાન કરવાની સાથે વૈશ્વિક સ્તરે પણ એક અલગ ઓળખ બનાવી રહી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ભારતમાં પડોશી દેશો જેવા કે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાની સરખામણીએ રેલવેનું ભાડું ઓછું છે, જ્યારે પશ્ચિમનાં દેશોમાં ભારત કરતાં ૧૦થી ૨૦ ગણું વધારે છે. રેલ યાત્રીઓને અપાતી સબસિડી અંગે રેલવે મંત્રીએ કહ્યું કે, હાલમાં ટ્રેન દ્વારા કિલોમીટર દીઠ મુસાફરીનો ખર્ચ ?૧.૩૮ છે, પરંતુ મુસાફરો પાસેથી માત્ર ૭૩ પૈસાનો જ ચાર્જ લેવામાં આવે છે, એટલે કે ૪૭ ટકા સબસિડી આપ વામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં, મુસાફરોને ૫૭,૦૦૦ કરોડની સબસિડી આપ વામાં આવી હતી, જે ૨૦૨૩-૨૪માં વધીને આશરે ૬૦,૦૦૦ કરોડ (કામચલાઉ આંકડો) થઈ ગઈ છે. અમારું લક્ષ્ય ન્યૂનતમ ભાડા પર સલામત અને વધુ સારી સેવાઓ પ્રદાન કરવાનું છે. કેન્દ્રીય મંત્રીએ રેલવે વિદ્યુતીકરણના ફાયદાઓ પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, મુસાફરોની વધતી જતી સંખ્યા અને નૂર પરિવહન છતાં ઊર્જાનો ખર્ચ સ્થિર રહ્યો છે. ભારતીય રેલ્વે ૨૦૨૫ સુધીમાં 'સ્કોપ ૧ નેટ ઝીરો' અને ૨૦૩૦ સુધીમાં 'સ્કોપ ૨ નેટ ઝીરો' પ્રાપ્ત કરવાના લક્ષ્ય પર કામ કરી રહી છે. તેમણે માહિતી આપી હતી કે, બિહારમાં મધેપુરા ફેક્ટરીમાં ઉત્પાદિત લોકોમોટિવ્સની નિકાસ ટૂંક સમયમાં શરૂ થશે. હાલમાં ભારતીય રેલવેના પેસેન્જર કોચ મોઝામ્બિક, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં નિકાસ કરવામાં આવી રહ્યા છે, જ્યારે લોકોમોટિવ્સ મોઝામ્બિક, સેનેગલ, શ્રીલંકા, મ્યાનમાર અને બાંગ્લાદેશમાં મોકલવામાં આવી રહ્યા છે. આ સિવાય બોગી અંડરફ્રેમની નિકાસ યુનાઈટેડ કિંગડમ, સાઉદી અરેબિયા, ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવી રહી છે, જ્યારે પ્રોપલ્શન પાર્ટ્સ ફ્રાન્સ, મેક્સિકો, જર્મની, સ્પેન, રોમાનિયા અને ઈટાલીમાં મોકલવામાં આવી રહ્યા છે. આ વર્ષે ભારતમાં ૧,૪૦૦ લોકોમોટિવ્સનું ઉત્પાદન થયું છે, જે અમેરિકા અને યુરોપના સંયુક્ત ઉત્પાદન કરતા વધારે છે. આ સાથે જ કાફલામાં ૨ લાખ નવા વેગન ઉમેરવામાં આવ્યા છે. મંત્રીએ જણાવ્યું હતું કે, ૩૧ માર્ચે પૂરા થતાં નાણાકીય વર્ષમાં ભારતીય રેલવે ૧.૬ અબજ ટન કાર્ગોનું પરિવહન કરશે, જેનાથી ભારત ચીન અને અમેરિકા સહિત વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સ્થાન મેળવશે. આ રેલ્વેની વધતી જતી ક્ષમતા અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં તેની નોંધપાત્ર ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે.

કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે રેલવે સુરક્ષા અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, એલએચબીના ૪૧,૦૦૦ કોચ તૈયાર કરવામાં આવ્યા છે અને તમામ આઈસીએફ કોચને એલએચબી કોચમાં પરિવર્તિત કરવામાં આવશે. લાંબી રેલ, ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ, ફોગ સેફ્ટી ડિવાઈસ અને 'કવચ' સિસ્ટમ ઝડપથી લાગુ કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો આભાર માનતાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, અગાઉ રેલવેને ૨૫,૦૦૦ કરોડની સહાય મળતી હતી, જે હવે વધીને ૨.૫ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે, જેના પગલે માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે.

## મહિલા વકીલ અને વ્યાજખોરના ત્રાસથી કંટાળી વૃદ્ધે ફાંસો ખાઇ આપઘાત કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમરાઈવાડીમાં એક મહિલા વકીલ અને વ્યાજખોરના ત્રાસથી કંટાળીને વૃદ્ધે ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. ફરિયાદ મુજબ વૃદ્ધને રૂપિયાની જરૂર પડતા દુકાનના કાગળિયા ગિરવી મૂકીને રૂ. ૧૦ લાખ વ્યાજે લીધા હતા. તેની સામે રૂ. ૪૭ લાખ ચૂકવ્યા છતા વધુ રૂ. ૨૫ લાખની માંગણી કરી ટોર્ચર કરવામાં આવતા હતા. મહિલા વકીલે રૂપિયા લઈને પણ દસ્તાવેજ કરી આપ્યો ન હતો અને રૂપિયા પણ પરત આપતી ન હતી. આ અંગે મૃતકના પુત્રે બંને સામે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રામોલમાં રહેતા યશભાઈ પટેલ સ્ટોકમાર્કેટમાં બ્રોકર તરીકે નોકરી કરે છે. તે પહેલાં ખોખરામાં રાધે મોલમાં પિતાની દુકાનમાં સ્ટોકમાર્કેટનું કામ કરતો હતો. ૮ જુલાઈએ તેમના ૫૩ વર્ષીય પિતા નૂતનકુમારે ખોખરા ઓફિસમાં ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જે-તે સમયે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધીને તપાસ શરૂ કરી ત્યારે મૃતક પાસેથી એક સ્યૂસાઈડ નોટ મળી આવી હતી. જેમાં મૃતક નૂતનભાઈએ રનિત બેદી અને વકીલ દિપાલીબેન શાહના ત્રાસથી આપઘાત કર્યો હોવાનું જણાવ્યુ હતુ. નૂતનકુમારે દુકાનનો દસ્તાવેજ રનિતને કરી આપી તેની પાસેથી રૂ. ૧૦ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે રૂ. ૪૭ લાખ ચૂકવી આપ્યા હતા તેમ છતા રનિતે વધુ રૂ. ૨૫ લાખની માંગણી કરી હતી. તેથી નૂતનકુમારે પોલીસ ફરિયાદ કરી હતી. બાદ સામાધાન થતા રૂ. ૧૪ લાખ આપવાનું નક્કી કર્યુ હતું. ત્યારે દુકાનનો રિવર્સ દસ્તાવેજ કરાવવા વકીલ દિપાલીબેનને નૂતનકુમારે કુલ રૂ. ૭૬ હજાર આપ્યા હતા. પરંતુ દિપાલીબેને અશાંતધારાની મંજૂરી મળતી નથી જેથી દસ્તાવેજ નહીં થાય તે કહેતા વૃદ્ધે રૂપિયા પરત માગતા ના પાડી હતી. જેથી રનિતને વાત કરતા વધુ રૂ. ૮ લાખની માગણી કરી હતી. આમ નૂતનકુમારે બંનેને કુલ રૂ. ૬૦ લાખ આપ્યા છતા બંને વધુ રૂપિયાની માંગણી કરીને ટોર્ચર કરતા હતા. તેથી નૂતનકુમારે આપઘાત કર્યો હતો. મૃતક વૃદ્ધના પુત્રે રનિત અને દિપાલી સામે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### કરાર આધારિત ભરતી બંધ કરો, કાયમી ભરતી કરો

## ગાંધીનગરમાં વ્યાયામ શિક્ષકોનું આંદોલન શરૂ થયું

**સત્વરે ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે ૪૦૦થી વધુ વ્યાયામ શિક્ષકોએ વહેલી સવારથી ગાંધીનગરના રામકથા મેદાનમાં ધામા નાખ્યા છે**

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાત રાજ્યમાં કરાર આધારિત વ્યાયામ શિક્ષકની ભરતી બંધ થાય અને કાયમી વ્યાયામ શિક્ષકોની સત્વરે ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે ૪૦૦થી વધુ વ્યાયામ શિક્ષકોએ વહેલી સવારથી ગાંધીનગરના રામકથા મેદાનમાં ધામા નાખ્યા છે. અનેકવાર રજૂઆતો કરવા છતાં કાયમી શિક્ષકોની ભરતી કરવામાં ન આવતા વ્યાયામ શિક્ષકો મેદાને ઉતર્યા છે. ઉનાળાના ધોમધખતા તડકામાં વ્યાયમ શિક્ષકો આંદોલન ઉપર બેઠા છે અને વધુમાં વધુ વ્યાયામ વીરોને જોડાવવાની અપીલ કરવામાં આવી છે. વ્યાયામ શિક્ષકોના આંદોલનને યુવરાજ સિંહ જાડેજા , જીગ્નેશ મેવાણી, અમિત ચાવડા સહિતના નેતાઓએ સમર્થન આપી તેમની સાથે જોડાયા છે. હાલ પોલીસની ગાડીઓનો કાફલો આંદોલન સ્થળે પહોંચી ગયો છે અને વ્યાયમ શિક્ષકોની અટકાયતનો દોર શરુ કર્યો છે. આંદોલનકારીઓને નેતાઓ દ્વારા શિસ્ત અને શાંતિ જાળવવા માટે અપીલ કરવામાં આવી છે. આ આંદોલન આવતીકાલે એટલે કે ૧૯ માર્ચ ૨૦૨૫ના રોજ પણ ચાલુ રહેશે.



ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષથી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવી નથી. જેથી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવે. રાજ્યમાં વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી માત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં કરવામાં આવે છે. એ પણ રાજ્યમાં રોસ્ટર પ્રમાણે ખાલી જગ્યાઓ છે, તેના કરતાં ખૂબ ઓછી સંખ્યામાં કરવામાં આવે છે. રાજ્યમાં ધોરણ ૧થી ૮મા વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં જ આવતી નથી. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પણ કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવે. રાજ્યમાં રાજ્ય પરીક્ષા બોડ દ્વારા જે ખેલ અભિરુચિ કસોટી લેવામાં આવી છે, તેને માન્ય ગણીને તે પરીક્ષા ઉપર કાયમી ભરતી કરવામાં આવે.રાજ્યમાં ખેલ અભિરુચિ કસોટી જ્યારે લેવાની હતી, ત્યારે રાજ્યમાં સરકારે લગભગ ૫,૦૭૫ જેટલી વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યાઓ બતાવી હતી. તે તમામ જગ્યાઓ ઉપર કાયમી ભરતી કરવામાં આવે. રાજ્યમાં વ્યાયામ શિક્ષકની ૧૫ વર્ષથી ભરતી કરી નથી તો તેને ધ્યાનમાં રાખીને નવો જી.આર. નવું માળખું રચવામાં આવે અને સત્વરે કાયમી વ્યાયામ શિક્ષકની ભરતીનું જાહેરનામું બહાર પાડવામાં આવે.ગુજરાત રાજ્યના તમામ વ્યાયામ શિક્ષકની ડિગ્રી ધરાવતા ઉમેદવારો, ખેલ સહાયકો, વ્યાયામ શિક્ષકની ભરતીની રાહ જોઈને બેઠેલા એવા તમામ ઉમેદવાર સરકાર પાસે વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી ઉપર જણાવ્યા અનુસાર થાય અને કરાર આધારિત ભરતી બંધ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. કરાર આધારિત ભરતીની જગ્યાએ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ NEP 20 અને RTE 2009ની જોગવાઈ મુજબ વ્યાયામ શિક્ષક અને શારીરિક શિક્ષણને ફરજિયાત સ્થાન આપવામાં આવ્યું છે.

### દારૂ વેચાણમાંથી મળતી કર આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો

## અમદાવાદ અને ગાંધીનગરની ૨૮ હોટલોને દારૂ વેચવાની મંજૂરી : ગુજરાત સરકાર

**રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે છેલ્લા બે વર્ષમાં કોઈ પણ હોટલના પરમિટ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતમાં દારૂબંધી નામ માત્રની છે, રાજ્યમાં દારૂ વેચાણના પરમિટ ધરાવતા હોટલોની સંખ્યા વધતી જ રહી છે. ગુજરાત રાજ્ય સરકારે વિધાનસભામાં પુછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું છે કેઅમદાવાદ શહેરમાં હાલ ૨૦ અને ગાંધીનગર શહેરમાં ૪ હોટલોને દારૂ વેચવાની પરવાનગી અપાઈ છે.

સાથે જ ગ્રામીણ વિસ્તારમાં અમદાવાદમાં ૨ અને ગાંધીનગરમાં ૨ હોટલો પાસે પરમિટ છે. રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે છેલ્લા બે વર્ષમાં કોઈ પણ હોટલના પરમિટ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી. રાજ્ય સરકારે વધુમાં જણાવ્યું કે ફેબ્રુઆરી ૨૦૨૩ થી જાન્યુઆરી ૨૦૨૪ સુધી દારૂ વેચાણમાંથી ૧૪.૪૫ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જ્યારે તાજેતરમાં ફેબ્રુઆરી ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન આવક વધીને ૧૯.૫૩ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આમ, દારૂ વેચાણમાંથી મળતી કર આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. રાજ્યમાં દારૂ આરોગ્ય પરમિટની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪માં આ સંખ્યા ૩.૫% વધી છે અને કુલ ૪૫,૦૦૦ પરમિટ ધારકો નોંધાયા છે. દારૂ પરમિટ મેળવવા માટે રૂ. ૪,૦૦૦ના ખર્ચ સાથે આરોગ્ય તપાસ અને અરજીની પ્રક્રિયા છે, જ્યારે દર વર્ષે રૂ. ૨,૦૦૦ની રિન્યુઅલ ફી ચૂકવવી પડે છે. જોકે, દારૂ પરમિટ અને વેચાણની સાથે રાજ્યમાં ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસ પણ વધી રહ્યા છે. તાજેતરમાં રજૂ કરાયેલા વિધાનસભાના રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૩માં દારૂ પી વાહન ચલાવવાના કુલ ૨૭,૪૯૫ કેસ નોંધાયા હતા. જે પહેલાંના વર્ષ ૨૦૨૧-૨૨ના ૧૩,૧૫૩ કેસની તુલનામાં બમણો ઉછાળો દર્શાવે છે. રાજ્યમાં દારૂબંધી હોવા છતાં આવા આંકડા ચિંતાજનક ગણાઈ રહ્યા છે. આમ છતાં સરકાર દ્વારા દારૂ પરમિટની નીતિઓમાં કોઈ ખાસ ફેરફાર કરવામાં આવ્યો નથી.

### ક્રાઇમ બ્રાંચે હત્યારાને આણંદ-સોજીત્રા રોડ પરથી ઝડપ્યો

## બે લાખ રૂપિયા ન આપવા પડે તે માટે હોટલમાં યુવકે યુવતીની હત્યા કરી

**બે મહિના પહેલાં જ યુવતીએ બેંક ડેટા એન્ટ્રીનું કામ કરતા પૈસા આવ્યા હતા**

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

રામોલ વિસ્તારમાં રહેતી યુવતીને યુવકે એક ખાનગી બેંકની ડેટા એન્ટ્રીનું કામ સોંપ્યું હતું. જે કામ પેટે યુવતીને ત્રણ લાખ રૂપિયા આવ્યા હતા. જોકે, યુવકે એક લાખ આપ્યા હતા અને બે લાખ માટે ગલ્લાંતલ્લાં કરતો હતો. જેથી તેમના વચ્ચે ઝઘડો થયો હતો.

આ દરમિયાન પૈસા પરત ન આપવા પડે તે માટે યુવકે યુવતીને હોટલમાં બોલાવી તેની હત્યા કરી હતી. આ મામલે એરપોર્ટ પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી છે. રામોલની નસરીનબાનુ પરિવાર સાથે રહેતી હતી અને છેલ્લા એકાદ મહિનાથી એરપોર્ટ ખાતે નોકરી કરતી હતી. નસરીન અગાઉ ICICI બેંકની ઠક્કરનગર બ્રાંચ ખાતે કામ કરતી હતી ત્યારે ચિંતન ઘનશ્યામભાઈ વાઘેલા નસરીનને કોટક મહિન્દ્રા બેંકનું લોન ડેટા એન્ટ્રીનું કામ કમિશનથી આપતો હતો. બે મહિના પહેલાં નસરીને કોટક મહિન્દ્રા બેંકના કરેલા કામના ત્રણ લાખ રૂપિયા આવ્યા હતા. જે પૈસામાંથી એક લાખ ચિંતન વાઘેલાએ આપ્યા હતા જ્યારે બે લાખ તેની પાસે રાખ્યા હતા.

ચિંતન પૈસા આપવામાં ગલ્લાં તલ્લાં કરતો હતો. જેથી વારંવાર નસરીન ચિંતનને પૈસા માટે ફોન કરતી હતી અને તેમની વચ્ચે ઝઘડો પણ થયો હતો. ગઈકાલે ચિંતને નસરીનને એરપોર્ટ પાસે આવેલી હોટલમાં મળવા બોલાવી હતી. ચિંતને હોટલમાં નસરીનને ગળે ટૂંપો આપી હત્યા કરી હતી અને ત્યાંથી પલાયન થઈ ગયો હતો. થોડી વાર બાદ મેનેજર નસરીનના રૂમમાં પહોંચ્યો ત્યારે નસરીનની લાશ જોતા મેનેજરે તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

## સરપંચ દિકરી વતી લાંચ માંગતો બાપ ઝડપાયો

। (માહિતી) મહીસાગર, તા.૧૮ ।

રાજ્યમાં લાંચીયા લોકો સામે એસીબી સતત કામગીરી કરી રહ્યું છે. મહીસાગરના કડાણા તાલુકામાં સરપંચ દિકરી વતી લાંચ માંગતો બાપ એસીબીના છટકામાં સપડાયો હતો. ફરીયાદીને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસ મંજુર થયું હતું. આવાસનો પ્રથમ તથા બીજો હપ્તો ફરીયાદીના બેંક એકાઉન્ટમા જમા થયો હતો. જેની ટકાવારીના રૂપિયા ૨૨,૫૦૦ આરોપી દિગ્વીજયસિંહ અભેસિંહ પુવાર (ઉ.વ.૫૪ રહે.દધાલીયા તા-કડાણા જી.મહીસાગર) એ તેમની સાથે વાતચીત કરી માંગણી કરી હતી. અરવિંદભાઈ ભુરાભાઈ વાગડીયા (ઉ.વ.૪૫ રહે. ઠાકોરના નાઘરા, તા.કડાણા જી.મહીસાગર) ની દિકરી સરપંચ હોવાથી સરપંચ તરીકેની કામગીરી તેઓ કરતા હતા. જેથી તેમણે અરવિંદભાઈ વાગડીયા સાથે વાતચીત કરતા રૂપીયા ૨૦,૦૦૦ આપવા જણાવ્યું હતું. જે લાંચના નાણાં તેઓ આપવા માંગતા ન હોવાથી મહીસાગર એ.સી.બી.ને ફરીયાદ કરી હતી. જેના આધારે છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં તેઓ લાંચના રૂપિયા સ્વીકારતા ઝડપાઈ ગયા હતા. ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝે મૂકી હોય તેમ એક બાદ એક લાંચીયા બાબુઓ ઝડપાઈ રહ્યા છે. પાલનપુરના મહિલા ડેપ્યુટી કલેક્ટર અને પ્લાનીંગ આસીસ્ટન્ટ ઈમરાનખાન નાગોરીને ૩ લાખની લાંચ લેતા ઝડપાયા બાદ ગાંધીનગરનો એએસઆઈ રૂપિયા બે લાખની લાંચ લેતા એસીબીએ ઝડપાયો હતો.

### સ્થાનિક લોકોએ ચાર વિદેશી વિદ્યાર્થીઓને માર માર્યો હતો

## વાઘોડિયામાં ૪ વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલાની ઘટનામાં એકનું મૃત્યુ

**આ ઘટનામાં એક વિદેશી વિદ્યાર્થીનું મૃત્યુ નિપજ્યું, જ્યારે અન્ય ત્રણની સ્થિતિ ગંભીર છે હાલ આ મામલે સાત આરોપીઓની ધરપકડ કરી છે**

। (માહિતી) વડોદરા, તા.૧૮ ।

વડોદરાના વાઘોડિયા તાલુકામાં પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ચાર વિદેશી વિદ્યાર્થીઓને લીમડા ગામના તળાવ નજીક ધાર્મિક સ્થળ પાસે બુટ-ચંપલ પહેરીને નહીં આવવા ચેતવણી આપી હતી. જોકે તેમ છતાં વિદેશી વિદ્યાર્થીઓએ આવું કરતાં સ્થાનિક લોકોએ ચાર વિદેશી વિદ્યાર્થીઓને માર માર્યો હતો. આ ઘટનામાં એક વિદેશી વિદ્યાર્થીનું મૃત્યુ નિપજ્યું, જ્યારે અન્ય ત્રણની સ્થિતિ ગંભીર છે. હાલ આ મામલે સાત આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ લીમડા ગામે આવેલી પારુલ યુનિવર્સિટીમાં પેટ્રોલિયમ એન્જિનિયરિંગ, કાર્ડિયોલોજી અને બીસીએમાં અભ્યાસ કરતા તેમજ હોસ્ટેલમાં રહેતા થાઈલેન્ડ, યુકે, મોઝામ્બિક અને સાઉથ સુદાનના ચાર વિદ્યાર્થીઓ ધુળેટીની સાંજે ઈન્ફિનિટિ હોસ્ટેલની પાછળ ગામના તળાવ કિનારે ફરવા માટે ગયા હતાં. તેઓ બુટ, ચંપલ પહેરીને તળાવ કિનારે આવેલી એક ધાર્મિક સ્થળ નજીક જતાં, ત્યાં હાજર એક શખસે બુટ, ચંપલ પહેરીને કેમ આવો છો? તેમ કહ્યા બાદ ભાષાની ગેરસમજ થતાં ઝઘડો થયો હતો. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા અન્ય લોકો ભેગા થઈ ગયા હતા અને લાકડી, બેટ જેવા મારક હથિયારોથી ચાર વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં એક વિદ્યાર્થીનું મોત થયું છે, જ્યારે અન્ય ત્રણની સ્થિતિ હજુ ગંભીર છે. આ અંગે યુનિવર્સિટીના કર્મચારી અશોક નંદેસીંગ રાજપુતે અજાણ્યા શખસો સામે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ફરી એકવાર રફ્તારના રાક્ષસો બેકાબુ

## લકઝુરિયસ્ કારચાલકે રિક્ષા અને પોલીસને ઉડાવવાનો પ્રયાસ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં ફરી એકવાર રફતારના રાક્ષસો બેકાબૂ બન્યા છે. દિલ્હી દરવાજા ચાર રસ્તા પાસે એક બેફામ કાર ચાલકે રિક્ષાને અડફેટે લીધી હતી.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક થાર કાર ચાલક બેફામ ગતિએ આવી રહ્યો છે અને તેણે રિક્ષાને ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી અનુસાર, અમદાવાદ શહેરના દિલ્હી દરવાજા અને લાલા દરવાજા વિસ્તારમાં બેફામ થાર ગાડી ચાલકે રસ્તામાં લોકોને અને વાહનોને અડફેટે લીધા, બપોરે ૧ વાગ્યાની આસપાસ દિલ્લી દરવાજા અને લાલ દરવાજા વિસ્તારમાં બેફામ કાર ચલાવીને ચકચાર મચાવ્યો. થાર ગાડી ચાલકની દાદાગીરી પણ વીડિયોમાં જોઈ શકાય છે. આ નબીરા ગાડી ચાલકે પોલીસ ઉપર પણ ગાડી ચઢાવવાનો પ્રયાસ કર્યો. પોલીસ દ્વારા રોકવામાં આવ્યો હોવા છતાં કાર ચાલક રોકાયો નહીં અને ફરાર થઈ ગયો હતો. બેફામ કારચાલકના ગાડી નંબર GJ-27-DM-9988 નંબરની લાલ રંગની થાર ગાડી ચાલકએ બેકાબૂ રીતે અને બેફામ કારચલાવી તે વીડિયોમાં જોઈ શકાય છે. પોલીસે કારની નંબર પ્લેટના આધારે તપાસ શરૂ કરી છે અને કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

### એરપોર્ટ વિસ્તારમાં હત્યાનો ભેદ ઉકેલાયા

## પોલીસે હોટેલના સીસીટીવી ફૂટેજ અને FSLની મદદથી તપાસ શરૂ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ એરપોર્ટ ઉપર ફૂડ કોર્ટમાં નોકરી કરતી ૨૩ વર્ષની મહિલાનો મૃતદેહ હાસોલ ચોકી સામે આવેલી હોટેલમાંથી મળી આવ્યો હતો. હાલ, મહિલાની હત્યા થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. એરપોર્ટ પોલીસે હોટેલના સીસીટીવી ફૂટેજ અને FSLની મદદથી વધુ તપાસ શરુ કરી છે. અમદાવાદના એરપોર્ટ વિસ્તારમાં હત્યાનો ભેદ ઉકેલાયો છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચે આરોપી ચિંતન વાઘેલાની ધરપકડ કરી છે. ગઈકાલે તંદુર પેલેસ હોટેલમાં યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. તેમાં પૈસાની લેતી દેતીમાં યુવતીની હત્યા કરી આરોપી ફરાર થયો હતો. અમદાવાદ એરપોર્ટ પાસેની તંદૂર પેલેસ હોટલમાંથી યુવતીની લાશ મળી હોવાના કેસને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી કાઢ્યો છે. ચિંતન વાઘેલા નામનો યુવક યુવતી સાથે રૂમમાં ગયો હતો અને તેને જ ગળેટૂંપો દઈ યુવતીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

મૂળ ઉત્તર પ્રદેશના કાજીપુર સંત કબીર નગરની રહેવાસી અને હાલ રામોલ મદની રહેવાસી ૨૩ વર્ષીય નસરીનબાનુ ફિરોજ અપ્પરભાઈ અમદાવાદ એરપોર્ટ ઉપર ફૂટ કોર્ટમાં નોકરી કરતી હતી. રવિવારે (૧૬ માર્ચ) બપોરે એરપોર્ટ પોલીસને એરપોર્ટ નજીક હાસોલ ચોકી સામે હોટેલ તંદુર પેલેસના રૂમમાંથી તેની લાશ મળી હોવાની જાણ થઈ હતી.

### ૯૮ ટકા કામગીરી ભૌતિક રીતે પૂર્ણ કરવામાં આવી

## અમદાવાદ-રાજકોટ સિક્સ લેન હાઈવે બનાવવા કુલ રૂ.૩૩૫૦ કરોડ ખર્ચાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિશે મુખ્યમંત્રી વતી વિગતો આપતા સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીયકરણ કરવા માટે કુલ રૂ. ૩,૩૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. કુલ ૨૦૧.૩૩ કિ.મી. લાંબા આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પૈકી પ્રથમ તબક્કામાં હાથ ધરવામાં આવેલ ૧૯૭ કિ.મી.માંથી ૧૯૩ કિ.મી. એટલે કે ૯૮ ટકા કામગીરી ભૌતિક રીતે પૂર્ણ કરવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદ-રાજકોટના છ માર્ગીયકરણ બાદ નાગરિકોના મુસાફરી સમયમા અંદાજે ૩૦ થી ૪૫ મિનિટ સુધીની બચત સાથે કુલ મુસાફરી સમય ઘટીને ૨.૩૨ કલાકનો થવાનો અંદાજ છે. જેના પરિણામે વાહનોના ઈંધણમાં અંદાજિત ૧૦ થી ૧૫ ટકા સુધીની બચત થશે. આ પ્રોજેકટ વિશે વધુ માહિતી આપતા મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કુલ ૩૮ ફલાયઓવર-અન્ડરપાસના સ્ટ્રકચરની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે પૈકી ૩૪ ફલાયઓવર-અન્ડરપાસ સ્ટ્રકચરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ ૪ સ્ટ્રકચરની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગને છ માર્ગીયકરણ કરતા વારંવાર અકસ્માત થતા હોય તેવા બ્લેક સ્પોટના સ્થળે વર્ષ ૨૦૧૯ની સાપેક્ષે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ અકસ્માતમાં આશરે ૪૧ ટકાનો ધટાડો થયો છે.

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL


નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.

➩ લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
➩ લેબર જોતા હોય તો કોલ કરો
➩ કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393